Saturday, 02 May 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



ભય વિના જીવન જીવવું, આ સત્યનો અમૂલ્ય સંદેશ છે.

- મહાત્મા ગાંધીજી

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૧૮ ● સંવત-૨૦૮૨ વૈશાખ વદ એકમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અસ્પીભાઈ દમણિયાના નેતૃત્વમાં અને ન.પા. અધ્યક્ષ દીપિકાબેન ટંડેલની ઉપસ્થિતિમાં યોજાયેલ

## દમણ ન.પા.ની સ્ટેન્ડિંગ કમિટીએ પ્રિ-મોન્સૂન કામગીરીને વેગ આપવા અને વારંવાર ખોટકાતા પાણી પુરવઠાના સંદર્ભમાં સંબંધિત અધિકારીઓને જવાબદારીપૂર્વક કામ કરવા આપેલો નિર્દેશ

**નાગરિકોને અગવડતા નહિ પડે એ માટે બાકી રહેલા રસ્તાઓના કામો ચોમાસા પહેલાં યુદ્ધના ધોરણે કામ કરી પૂર્ણ કરવા પણ એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરોને આપવામાં આવેલી સૂચના**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૦૧**

દમણ નગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી અસ્પી દમણિયાના નેતૃત્વમાં આજે મળેલ મહત્ત્વપૂર્ણ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં પ્રિ-મોન્સૂન કામગીરીને વેગ આપવા અને વારંવાર ખોટકાતા પાણી પુરવઠાના સંદર્ભમાં સંબંધિત અધિકારીઓને જવાબદારીપૂર્વક કામ કરવા નિર્દેશ આપવામાં આવ્યો હતો.



પ્રાપ્ત માહિતી પ્રમાણે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી અસ્પી દમણિયાના નેતૃત્વમાં યોજાયેલ બેઠકમાં ન.પા. અધ્યક્ષ શ્રીમતી દીપિકાબેન ટંડેલ, દમણ ન.પા.ના ચીફ ઓફિસર શ્રી સંજામ સિંઘ, મ્યુનિસિપલ એન્જિનિયર શ્રી હિતેશ ધુકા, વરિષ્ઠ કાઉન્સિલર એડવોકેટ શ્રી મારિયો લોપેસ, કાઉન્સિલર શ્રીમતી નિલા પ્રમોદ રાણા, કાઉન્સિલર શ્રીમતી ભાવિકા સુરેશ ટંડેલ અને કાઉન્સિલર શ્રીમતી ફિરદોશ બાનુ ઈમ્તિહાઝ તથા પાલિકાના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમિતિએ ચોમાસા પહેલાંની કાર્યયોજના (પ્રિ-મોન્સૂન એક્ટિવિટી)ની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. જેમાં બાકી રહેલા રસ્તાઓ અને નાગરિકોને અગવડ પડી શકે તેવા કામોને અગ્રતાના ધોરણે પુરા કરવા પણ જોર આપવામાં આવ્યું હતું. દમણ ન.પા.ના દરેક વોર્ડમાં કોઈપણ પ્રકારની સમસ્યા નહિ રહે તે પ્રકારની વ્યવસ્થા કરવા પણ સંબંધિત તંત્રના જવાબદાર અધિકારીઓ, સુપરવાઈઝરોને નિર્દેશ આપવામાં આવ્યો હતો. ચોમાસા દરમિયાન વેટમિક્સ સ્ટોક્સ અને લેવલિંગ મટેરિયલ્સ હંમેશા ઉપલબ્ધ રહે તેની તકેદારી રાખવા પણ સુચના આપવામાં આવી હતી.

દમણ ન.પા. વિસ્તારમાં પાણીની વારંવાર ઉભી થતી સમસ્યા અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરી સમિતિએ જ્યાં પણ પાઈપલાઈન લીક થાય છે ત્યાં તાત્કાલિક સમારકામ કરી પુરવઠાને પુનઃ સ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. ચાલુ રસ્તાના કામો દરમિયાન ઈલેક્ટ્રીકલ કેબલને થતા નુકસાનના કારણે ઘરો અને શેરી લાઈટનિંગને અસરકર્તા બ્લેક આઉટ જેવા જોખમોને ટાળવા ટોરેન્ટ પાવરને એક સાથે કેબલ કાર્ય હાથ ધરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો.

અત્રે યાદ રહે કે, ચોમાસું શરૂ થવાના આડે માંડ એક મહિનો બાકી રહ્યો છે ત્યારે નગરપાલિકાના તંત્રને જગાડવા સ્ટેન્ડિંગ કમિટીએ કરેલા પ્રયાસો આવતા દિવસોમાં કેવું પરિણામ લાવે તેના ઉપર નગરજનોની નજર ટકેલી છે.

૧લી મે, ૨૦૨૬ના રોજ

## દમણ કલેક્ટર કચેરી ખાતે ગુજરાત અને મહારાષ્ટ્ર રાજયના સ્થાપના દિવસની કરાયેલી ઉજવણી

**'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના લોકો વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા વધારવા અને પરસ્પર સમજણને પ્રોત્સાહન આપવાનો છેઃ ડેપ્યુટી કલેક્ટર (જનરલ) આરતી અગ્રવાલ**













**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૦૧**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ તથા લક્ષદ્વીપના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ અને દિશા-નિર્દેશ હેઠળ, 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલ અંતર્ગત ૧લી મે, ૨૦૨૬ના રોજ દમણના કલેક્ટર કચેરી ખાતે ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે, ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય ક્ષેત્રના અને દમણ જિલ્લામાં રહેતા પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું દમણના ડેપ્યુટી કલેક્ટર (જનરલ) શ્રીમતી આરતી અગ્રવાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સભાને સંબોધતા, દમણના ડેપ્યુટી કલેક્ટર (જનરલ) શ્રીમતી આરતી અગ્રવાલે જણાવ્યું હતું કે, ભારત તેના સમૃદ્ધ ઈતિહાસ, સંસ્કૃતિ અને વારસા પર ગર્વ અનુભવે છે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના લોકો વચ્ચે ક્રિયાપ્રતિક્રિયા વધારવા અને પરસ્પર સમજણને પ્રોત્સાહન આપવાનો છે.

શ્રીમતી અગ્રવાલે વધુમાં જણાવ્યું હતુ કે, આવા પ્રસંગોની ઉજવણી ભાષા શિક્ષણ, સંસ્કૃતિ, પરંપરા, સંગીત, પર્યટન, ભોજન, રમત-ગમત અને શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણી જેવા ક્ષેત્રોમાં ટકાઉ અને માળખાગત સાંસ્કૃતિક જોડાણોને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે.

'ખેલો ઈન્ડિયા રાજ્ય ઉત્કૃષ્ટતા કેન્દ્ર-સેલવાસ'માં પ્રવેશ માટે

## સંઘપ્રદેશના રમત-ગમત અને યુવા બાબતોના વિભાગ દ્વારા દીવના એજ્યુકેશન હબ કેવડી ખાતે પસંદગી પ્રક્રિયા શિબિર યોજાઈ









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દીવ, તા.૦૧**

સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ પ્રશાસન રમતગમત અને યુવા બાબતોના વિભાગ દ્વારા 'ખેલો ઈન્ડિયા રાજ્ય ઉત્કૃષ્ટતા કેન્દ્ર' સેલવાસમાં પ્રવેશ માટે પસંદગી પ્રક્રિયાનું સફળતાપૂર્વક આયોજન એજ્યુકેશન હબ કેવડી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં દીવ જિલ્લાની દરેક વિદ્યાલયોમાંથી આશરે ૧૨૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું. સેલવાસ ખાતે કાર્યરત 'ખેલો ઈન્ડિયા રાજ્ય ઉત્કૃષ્ટતા કેન્દ્ર'માં એથ્લેટીક્સ, આર્ચરી અને ટેબલ ટેનિસ આ ત્રણ રમતો માટે પ્રશિક્ષકો દ્વારા પ્રશિક્ષણ-તાલીમ આપવામાં આવે છે.

આ ટ્રાયલ સિલેક્શનમાં મંચ પર ઉપસ્થિત દીવ જિલ્લા ઉપસમાહર્તા શ્રી શિવમ મિશ્રાએ તેમજ દમણ ટી.એસ.ઓ. શ્રી દેવરાજ સિંહ રાઠોડનું દીવ જિલ્લા સહાયક શારીરિક શિક્ષા અધિકારી શ્રી નાનજીભાઈ જેઠવા દ્વારા પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શા.શિ.શિક્ષકો પૈકી શ્રી શરદ સોલંકી, શ્રી અશોક બારૈયા, શ્રીરવિકુમાર જેઠવા, શ્રીમતી નિધી બારૈયા, શ્રીમતી નિષ્ઠા કામલીયા તેમજ યોગ ઈન્સ્ટ્રકટર શ્રીમતી વિશ્રુતી બામણીયા દ્વારા સેલવાસથી પધારેલ વિવિધ રમતોના પ્રશિક્ષકાને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સંઘપ્રદેશ પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના સક્ષમ અને કુશળ નેતૃત્વ, શિક્ષા અને ખેલ સચિવ શ્રી અરુણ ટી. સાહેબ, ખેલ નિદેશક શ્રી અરૂણ ગુપ્તાના યોગ્ય દિશા-નિર્દેશ અને દીવ જિલ્લા સમાહર્તા શ્રી રાહુલ દેવ બૂરા તેમજ ઉપ સમાહર્તા શ્રી શિવમ મિશ્રાના સતત માર્ગદર્શન હેઠળ આ ટ્રાયલ સીલેકશનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રદેશની પ્રતિભાને પારખીને તેઓને ઉચ્ચ કક્ષાનું પ્રશિક્ષણ પુરૂ પાડવાનું છે. આ કેન્દ્રનું સંચાલન ભારતીય ખેલ પ્રાધિકરણ દ્વારા કરવામાં આવે છે.આ કાર્યક્રમને સફળ બનાવવામાં દરેક શાળાના શા. શિ. શિક્ષક ભાઈ-બહેનો, ગ્રાઉન્ડ મેન શ્રી મિતેશ કાપડિયા તેમજ કાર્યકર્તાઓનો ફાળો રહ્યો.

## દમણની વાત્સલ્ય સ્કૂલ ખાતે આયોજીત 'લાઈફ સ્કીલ્સ (એડવાન્સ્ડ)' પર CBSE તાલીમ કાર્યક્રમનું સમાપન કરાયું

**તાલીમ સત્ર દરમિયાન, બંને રિસોર્સ પર્સન સુલોચના આર. સોલંકી અને વિજયા જેફરીએ વાતચીત, ભાવનાત્મક બુદ્ધિ, નિર્ણય લેવાની ક્ષમતા, સમસ્યાનું નિરાકરણ અને નેતૃત્વ જેવા મહત્ત્વપૂર્ણ જીવન કૌશલ્યો પર કરેલી ગહન ચર્ચા : કાર્યક્રમના અંતે તમામ સહભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરી બિરદાવવામાં આવ્યા**









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૦૧**

મોટી દમણની વાત્સલ્ય સ્કૂલે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)ના નેજા હેઠળ 'જીવન કૌશલ્ય (ઉન્નત)' પર એક ખાસ તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય શિક્ષકોને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી જીવન કૌશલ્યના અદ્યતન પાસાઓથી પરિચિત કરાવવાનો હતો.

આ કાર્યક્રમમાં સુશ્રી સુલોચના આર. સોલંકી અને સુશ્રી વિજયા જેફરીએ રિસોર્સ પર્સન તરીકે ભાગ લીધો હતો. તાલીમ સત્ર દરમિયાન, બંને રિસોર્સ પર્સને વાતચીત, ભાવનાત્મક બુદ્ધિ, નિર્ણય લેવાની ક્ષમતા, સમસ્યાનું નિરાકરણ અને નેતૃત્વ જેવા મહત્ત્વપૂર્ણ જીવન કૌશલ્યો પર ચર્ચા કરી હતી. તેમણે શિક્ષકોને વર્ગખંડમાં આ કૌશલ્યોને અસરકારક રીતે કેવી રીતે અમલમાં મૂકવા તે અંગે ટિપ્સ પણ આપી હતી.

વાત્સલ્ય શાળાના તમામ શિક્ષકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ પ્રવૃત્તિઓ, જૂથ ચર્ચાઓ અને કેસ સ્ટડી દ્વારા વિષયની ઊંડી સમજણ વિકસાવી હતી. આ તાલીમ શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ તેમજ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે.

શાળાના ઈન્ચાર્જ આચાર્ય શ્રી એ. સુબ્બારાવના નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. શાળા મેનેજમેન્ટે આ પહેલ માટે CBSEનો આભાર માન્યો હતો અને ભવિષ્યમાં આવા તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

અંતે, તમામ સહભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરી બિરદાવવામાં આવ્યા હતા.

## દાનહ જિલ્લા પંચાયતના સભાખંડમાં ચૂંટણી વિભાગ દ્વારા એસઆઈઆર કામગીરી માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૧**

દાદરા નગર હવેલી પ્રશાસન ચૂંટણી વિભાગ દ્વારા જિલ્લા પંચાયત હોલમાં જિલ્લા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ, સભ્યો અને સરપંચોના માટે મતદાતા સૂચી અપડેટ કરવાના સંદર્ભમાં ટ્રેનિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.





જેનો ઉદેશ્ય આગામી ચૂંટણી પ્રક્રિયાને સુચારૂ પારદર્શી અને પ્રભાવી ઢંગથી સંપન્ન કરવા માટે જનપ્રતિનિધિઓને આવશ્યક જાણકારી અને દિશાનિર્દેશ જણાવવાનો હતો. ટ્રેનિંગમાં ચૂંટણી વિભાગના નોડલ અધિકારી ડો.અનિતા કુમાર અને એસઆઈઆર ટીમ દ્વારા મતદાતા સુચીના વિશેષ પુનઃનિરીક્ષણ નવા મતદાતાઓના નોંધણી, નામ સંશોધન, સ્થળાંતરણ અને ચૂંટણી પ્રક્રિયા સબંધિત વિવિધ પ્રાવધાનોની વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે સાથે ઉપસ્થિત જનપ્રતિનિધિઓને પોતપોતાના ગ્રામ વિસ્તારના નાગરિકાને જાગૃત કરવા અને અધિકાધિક પાત્ર મતદાતાઓના નામ મતદાતા સૂચીમા સુનિશ્ચિત કરવાનું આહવાન કર્યુ હતું. ત્યારબાદ જિલ્લા પંચાયત પ્રમુખે પોતાના સંબોધનમાં પ્રદેશના દરેક મતદાતાઓને એસઆઈઆરના અંતર્ગત જાણકારી ઉપલબ્ધ કરવા માટે દરેક ઉપસ્થિત જનપ્રતિનિધિઓને પ્રેરિત કર્યા હતા.

દાનહના દરેક મતદાતાઓને અનુરોધ છે કે, એ સુનિશ્ચિત કરે છે કે એમના નામ એમના ગામ/રાજ્ય/જિલ્લાની વર્ષ ૨૦૦૨ અને ૨૦૦૩ની છેલ્લી એસઆઈઆર મતદાતા સૂચીમાં દાખલ છે કે નહિ,જો નામની જાણકારી ઉપલબ્ધ ના હોય તો મતદાતા પોતાના વિસ્તારના બુથ સ્તરના અધિકારીનો સંપર્ક કરી શકે છે. ચૂંટણી વિભાગ કાર્યાલયમાં જઈ તપાસ કરી શકે છે અથવા વેબસાઈટ પર જઈ આવશ્યક વિવરણ ભરી નામ શોધી શકે છે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિશા ભાવર, ઉપપ્રમુખ શ્રી વિનય ગિભલ, વિકાસ અને યોજના અધિકારી શ્રી પંકજસિંહ પરમાર, જિ.પં.સભ્યો, સરપંચ, ચૂંટણી વિભાગની એસઆઈઆર ટીમ સહિત જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.




## સુવિચાર - સદ્‌વિચાર

સફળતા એ મહેનતને ઉજાગર કરે છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### આતિથ્ય

આગંતુકે પગથિયાં ચડતાંની સાથે
પોતાનું હોય ઘર એમ જ જાણી લીધું;
ખંભેથી ખીંટી પર કોટ ભરાવી એ તો
બેઠો, ગયો બની પળે ઘરનું જ અંગ

એનું સદાનું ફરવું બની પાણિપાત્ર,
- આતિથ્ય તોય અકળાવી રહેતું મોંઘું :
શી શાન્તિ આ! અતિથિ ને યજમાનની ના
એને નડી જનમ-જૂની અહીં જુદાઈ.

આતિથ્યનો અવધિ છેક ભુલાઈ ચાલ્યો,
એવો ગયો હળીભળી, - પણ એની રીતે;
રોયોહસ્યો દુ:ખસુખેય કુટુંબ કેરાં,
- ને હક્ક સૌ ફરજ સાથ જ માગી બેઠો!

(હેંતી ઘડાતી, ઘરજીવનમાં ગુંથાતી
એ તે સ્વભાવગત શાણપ શેય જાણે!
ખીલ્યાં પરસ્પર સુહાવી સુગંધરંગ
ક્યાં બાગનાં કુસુમ, ક્યાં વગડાઉ છોડ!)

ને એક દી ફરીથી જાગતી જૂની ધૂન
યાત્રા અનંત, અટકેલી, બઢાવવાની :
એકેક માંડી ડગ, - કોટ ભરાવી ખંભે -
જાણે ન હોય ત્યજતો ઘર એમ ચાલ્યો!

- ભૃગુરાય અંજારિયા

## આજની જોક

હમારે શહેર મેં ગરમી કા એ હાલ હે કી, લુગડા ધોતે હી સુકાઈ જાતા હે, ઔર પહેરતે હી ભીના હો જાતા હૈ!!

## કબીર વાણી

**અજહુ તેરા સબ મિટે, જો જુગ માને હાર,**
**ઘરમે ઝગડા હોત હય, સો ઘરજારહિ દાર.**

**- અર્થાત-**

જો તમો માનો કે આ સંસારમાં મળતી ફતેહો તો બધી હારજ છે, તો સર્વે જંજાળોનો છેડો આજેજ આવી જાય; માટે આ ઘર (શરીર)માં જે ઝઘડો ચાલી રહ્યો છે, અને ઈંદ્રિઓની ખેંચતાણ થયા કરે છે, તેને બાળી નાખો.

## આજનો દિન વિશેષ

### નીના વરકિલ

નીના વરકિલ (જન્મ ૨ મે ૧૯૯૧) એક ભારતીય ભૂતપૂર્વ લોંગ જમ્પર છે. તેણીએ જુલાઈ ૨૦૧૬ માં બેંગ્લોરમાં ૬.૬૬ મીટરનો પોતાનો શ્રેષ્ઠ વ્યક્તિગત અનુભવ મેળવ્યો. ૨૦૧૭ માં તેણીએ છઠ્ઠા અને અંતિમ રાઉન્ડમાં ૬.૩૭ મીટર કૂદકો મારીને ગોલ્ડ મેડલ જીત્યો. આ ચીનના જિયાક્સિંગમાં એશિયન ગ્રાન્ડ પ્રિક્સ એથ્લેટિક્સ મીટમાં હતું. તેણીએ ૨૦૧૭ એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ-મહિલા લાંબી કૂદમાં સિલ્વર મેડલ જીત્યો હતો જ્યારે તેણીની દેશબંધુ, નયના જેમ્સે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.



ઓગસ્ટ ૨૦૧૮ માં, તેણીએ જકાર્તામાં એશિયન ગેમ્સમાં લાંબી કૂદમાં સિલ્વર મેડલ જીત્યો. તેના ચોથા પ્રયાસમાં તેણીએ ૬ મીટર ૫૧ સેમી કૂદકો માર્યો. સુવર્ણ ચંદ્રક વિયેતનામના થી થુ થાઓ બુઈએ મેળવ્યો અને કાંસ્ય ચંદ્રક ચીનના ઝિયાઓલિંગ ઝુને મળ્યો. આ ઈવેન્ટ પછી તેણીએ કહ્યું કે તે તેના પરિવાર પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સ્પર્ધામાંથી પાછળ હટી રહી છે. વરાકિલે પિન્ટો મેથ્યુ સાથે લગ્ન કર્યા છે, જે એક આંતરરાષ્ટ્રીય અવરોધ દોડવીર છે. વરાકિલે તેણીને જકાર્તા ઈવેન્ટ માટે તાલીમ આપવામાં મદદ કરી

## બાળવાર્તા : અકબર બાદશાહની અજીબ બીમારી

અકબર અને બીરબલની વાર્તાઓ હંમેશા બુદ્ધિ અને હાસ્યથી ભરેલી હોય છે. અહીં બાદશાહ અકબરની એક અજીબ બીમારી અને બીરબલની ચતુરાઈની રમુજી વાર્તા છે.

એકવાર બાદશાહ અકબરને એક ખૂબ જ વિચિત્ર બીમારી થઈ. તેઓ પોતાની જાતને ઊંટ માનવા લાગ્યા! તેમને લાગ્યું કે તેમની ગરદન લાંબી થઈ રહી છે અને તેઓ દરબારમાં ઘૂંટણિયે ચાલીને લોકોને ડરાવવા લાગ્યા. દરબારના બધા હકીમો અને વૈદ્યો થાકી ગયા, પણ બાદશાહની આ 'ઊંટની બીમારી' મટતી નહોતી.

**બીરબલની એન્ટ્રી:** અકબરે બીરબલને બોલાવીને કહ્યું, બીરબલ, તું ગમે તે કર, પણ મને આ ઊંટની બીમારીમાંથી મુક્ત કર. મને ઊંટની જેમ બેસવું કે ચાલવું નથી. બીરબલે બાદશાહની આંખોમાં જોયું અને સમજી ગયો કે આ શારીરિક નહીં પણ માનસિક બીમારી છે. બીરબલે કહ્યું, જહાંપનાહ! એક ઉપાય છે. મારા ગામમાં એક જાદુઈ માણસ છે, જે આવી બીમારીઓ એક મિનિટમાં ઠીક કરી શકે છે. રમુજી ઈલાજ બીરબલે બાદશાહને એક બંધ ઓરડામાં લઈ જઈને કહ્યું, બાદશાહ સલામત! આ ઓરડામાં એક મોટું, સુકાયેલું, કાંટાળું બાવળનું ઝાડ છે. તમારે આ કાંટાની આસપાસ ઊંટની જેમ ઘૂંટણિયે ચાલીને ત્રણ આંટા ફરવું પડશે. જો તમે ચાલતી વખતે ઊંટની જેમ ઘૂં-ઘૂં અવાજ કરશો, તો બીમારી ભાગી જશે!બાદશાહ તૈયાર થઈ ગયા. તેમણે કાંટાળા બાવળની આસપાસ ઘૂંટણિયે ચાલવાનું શરૂ કર્યું. કાંટા વાગવા લાગ્યા, તો અકબર ચીસો પાડવા લાગ્યા, અરે બીરબલ! આ તો બહુ કાંટા છે!

બીરબલે કહ્યું, પણ જહાંપનાહ! ઊંટને તો કાંટા જ ભાવે! બીમારી મટાડવી હોય તો ઊંટ બનવું પડશે. અકબર કંટાળી ગયા અને થોડીવારમાં જ ઊંટની જેમ ચાલવાનું બંધ કરીને સામાન્ય રીતે બેસી ગયા અને ગુસ્સામાં બોલ્યા, મને હવે નથી બનવું ઊંટ! હું માણસ જ છું! બીરબલ હસી પડ્યો અને કહ્યું, જહાંપનાહ! તમારી બીમારી મટી ગઈ! તમે પોતે જ સ્વીકાર્યું કે તમે માણસ છો.

**બોધ :** ક્યારેક મોટી મુસીબતોનો ઉકેલ બુદ્ધિ અને હળવાશથી જ આવી શકે છે.

---

### ગુજરાતનો ૬૬મો સ્થાપના દિવસ

# ગુજરાતના સ્થાપના દિવસ પર મોદી, અમિત શાહ અને ભૂપેન્દ્ર પટેલે આપી શુભેચ્છા

## આ પ્રસંગે સુરતમાં રાજ્ય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાયો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૧**

આજે ગુજરાતનો ૬૬મો સ્થાપના દિવસ છે. આ પ્રસંગે સુરતમાં રાજ્ય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાયો હતો, જેમાં રાજયપાલ, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. આ દિવસ ૧૯૬૦માં ભાષાકીય રીતે તત્કાલીન બોમ્બે રાજયના વિભાજન પછી ગુજરાતની રચનાનો દિવસ છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અનેક ભાજપના નેતાઓએ રાજયના લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. રાષ્ટ્રપતિએ ગુજરાતને સ્વામી દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાપુરુષોના જન્મસ્થળ તરીકે યાદ કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની પ્રગતિમાં ગુજરાતના ઉત્કૃષ્ટ યોગદાનનો પણ ઉલ્લેખ કર્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને પણ શુભેચ્છાઓ પાઠવી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 'એક્સ' પર પોસ્ટમાં લખ્યું હતું કે, "ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ પર તમામ દેશવાસીઓને, ખાસ કરીને વિશ્વભરમાં રહેતા ગુજરાતી ભાઈ-બહેનોને હાર્દિક શુભેચ્છાઓ." સ્વામી દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલનું આ પવિત્ર જન્મસ્થળ સામાજિક ઉત્થાન, દેશભક્તિ અને રાષ્ટ્રનિર્માણના ઘણા પ્રેરણાદાયી ઉદાહરણો રજૂ કરે છે.

ગુજરાતના સાહસિક અને પ્રગતિશીલ લોકોએ તેમની મહેનત અને પ્રતિભા દ્વારા વૈશ્વિક સ્તરે ભારતની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. મને વિશ્વાસ છે કે ગુજરાતના લોકો વિકસિત ભારતના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે દૃઢ નિશ્ચય સાથે આગળ વધતા રહેશે અને પ્રગતિના નવા માપદંડો સ્થાપિત કરશે.

પીએમ મોદીએ X પર પોસ્ટમાં લખ્યું હતું કે "ગુજરાત દિવસના ખાસ પ્રસંગે ગુજરાતના લોકોને હાર્દિક શુભેચ્છાઓ. આ દિવસ ગુજરાતના સમૃદ્ધ ઈતિહાસ, જીવંત સંસ્કૃતિ અને ભવ્ય ભાવનાની ઉજવણી કરે છે. રાજયએ ભારતની પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. લોકોનો ઉત્સાહી અને મહેનતુ સ્વભાવ નોંધપાત્ર છે. મને આશા છે કે ગુજરાત આવનારા સમયમાં પ્રગતિની નવી ઊંચાઈઓ સર કરતું રહેશે."

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે X પર એક પોસ્ટ કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે કહ્યું હતું કે, "ગૌરવશાળી ઈતિહાસ, સમૃદ્ધ સંસ્કૃતિ અને ઉદ્યોગસાહસિકતાની આ ભૂમિ પર રાજ્યના સ્થાપના દિવસ પર ગુજરાતના લોકોને હાર્દિક શુભેચ્છાઓ." શાહે એમ પણ ઉલ્લેખ કર્યો કે ગુજરાતે



સ્વતંત્રતાથી એકીકરણ સુધી, સહકારથી સ્વરોજગાર સુધી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે સોમનાથ મહાદેવને રાજ્યના લોકો માટે સુખ, સમૃદ્ધિ અને ગૌરવ માટે પ્રાર્થના કરી.

સ્થાપના દિવસની ઉજવણીના ભાગ રૂપે સુરતમાં અનેક કાર્યક્રમો યોજાયા હતા. મુખ્ય કાર્યક્રમની શરૂઆત વાય જંકશન નજીક વીઆર મોલથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધીની કૂચથી થઈ હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અન્ય અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ સાથે માર્ચમાં ભાગ લીધો હતો. પોલીસ ટુકડીઓએ માર્ચ પાસ્ટમાં ભાગ લીધો હતો. સાથે જ સાંસ્કૃતિક પ્રદર્શન અને મોટરસાઈકલ સ્ટંટ રજૂ કરાયા હતા.

### ગુજરાત સ્થાપના દિવસની ગુજરાતીઓને મોટી ભેટ

# સુરતમાં દેશનું પહેલું બેરિયરલેસ ટોલ પ્લાઝા શરૂ કરવામાં આવ્યું

## આ સિસ્ટમથી હવે વાહનોને ટોલ બુથ પર વાહનો રોકવાની જરૂર નહિ પડે : ટોલ પ્લાઝા નીચેથી પસાર થતા જ ટોલ ટેક્સ કપાશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૧**

ગુજરાત સ્થાપના દિવસે સાથે ગુજરાત માટે વધુ એક ગૌરવની ક્ષણ સામે આવી છે. સુરતમાં દેશનું પહેલું બેરિયરલેસ ટોલ પ્લાઝા શરૂ કરવામાં આવ્યું છે. લાંબા સમયથી તેનું ટ્રાયલ કરવામા આવતું હતું. આ સિસ્ટમથી હવે વાહનોને ટોલ બુથ પર વાહનો રોકવાની જરૂર નહિ પડે. ટોલ પ્લાઝા નીચેથી પસાર થતા જ ટોલ ટેક્સ કપાઈ જશે. સુરતના ચોર્યાસી ટોલ પ્લાઝા દિલ્હી મુંબઈ હાઈવે (NH48) છે. કેન્દ્રીય રોડ રસ્તા પરિવહન મંત્રાલયનો આ એક પ્રયાસ છે, જેમાં આવનારા સમયમાં આ પ્રકારના ટોલ પ્લાઝા દેશમાં અન્ય જગ્યાએ સ્થાપિત કરવામાં આવે. જેથી વાહનો રોકવા ન પડે. આ ટોલ પ્લાઝા સુરત અને ભરૂચની વચ્ચે છે.

દેશનો પ્રથમ 'બેરિયરલેસ ટોલિંગ' માનવ રહિત ટોલ બુથ સુરત જિલ્લાના કામરેજ ચોર્યાસીમાં લોન્ચ કરાયો છે. રાત્રે ૧૨ વાગ્યાના ટકોરે ચોર્યાસી ટોલ પ્લાઝા ખાતે 'બેરિયરલેસ ટોલિંગ' સિસ્ટમનો શુભારંભ કરાયો. સુરતના ચોર્યાસી ટોલ પ્લાઝા પર બેરિયરલેસ ટોલિંગ લોન્ચ કરાયો છે. જે દેશનો પ્રથમ બેરિયરલેસ ટોલ પ્લાઝા છે. જેમાં હાઈટેક CCTVથી ફાસ્ટેગ નંબલ પ્લેટ રીડ કરીને ટેક્સ કપાશે. ૮ લેન પર ૩૨ હાઈટેલ CCTV મુકાયા છે. નવી સિસ્ટમથી વાહનચાલકોને રાહત મળશે. તેઓને હવે ટોલ પ્લાઝા પર બેરિયર હટાવવાની રાહ નહિ જોવી પડે.

તાઈવાનની અત્યાધુનિક ટેકનોલોજીનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૨૦ મીટર દૂર થીજ વાહનના ફાસ્ટટેગ સ્કેન કરે છે સિસ્ટમ. સિસ્ટમમાં લાગેલા હાઈ ડેફિનેશન કેમેરા વાહનની આગળ પાછળની નંબર પ્લેટ સ્કેન કરે છે. હાઈટેક સીસીટીવીથી ફાસ્ટટેગ નંબર પ્લેટ રીડ કરી ઓટોમેટિક ટોલ ટેક્સ સિસ્ટમ કાપી લેશે.

કામરેજ ચોર્યસી ટોલ બુથ પર બંને તરફના માર્ગ એટલે ૮ લેન પર કુલ ૩૨ હાઈટેક સીસીટીવી લગાવાયા છે. આ સિસ્ટમની ખાસિયત એ છે કે, તે ટ્રાફિકના નિયમમાં ઉલ્લંઘન પર તાત્કાલિક સિસ્ટમ ઈ-ચલણ જનરેટ કરશે. રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI) દ્વારા આ આધુનિક વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. રાત્રે લોન્ચિંગ કાર્યક્રમમાં IHMCLના CEO મુદિત અગ્રવાલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આજે અધિકારીઓ ટોલપ્લાઝા પર જઈને સમગ્ર સિસ્ટમનો તાગ મેળવશે. નવી વ્યવસ્થાથી



વાહનચાલકોને ટોલ પર રાહત અને સમય બચત થશે. આ પહેલ માર્ગ વ્યવસ્થામાં ડિજિટલ પરિવર્તન તરફનું મહત્વનું પગલું માનવામાં આવી રહ્યું છે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ ૨ ફેબ્રુઆરીથી આ નવી સિસ્ટમનું ટેસ્ટીંગ શરૂ કર્યું હતું. અંદાજે બે મહિનાના ટેસ્ટીંગ અને ટ્રાયલ બાદ NHAI એ આ ટોલ પ્લાઝા સુરતના કામરેજમા શરૂ કર્યું છે. ચોર્યાસી ટોલ પ્લાઝા પર હવે વાહનચાલકોને ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ મળી છે. રોડ રસ્તા પરિવહન વિભાગે ૨૦૨૬ ના અંતમાં ભારતમાં ૧૦૫૦ થી વધુ ટોલ પ્લાઝાને એઆઈ બેઝ્ડ મલ્ટી ફ્રી ફલો સિસ્ટમમાં બદલવાની યોજના બનાવી છે. બેરિયર ફ્રી ટોલ કલેક્શન સિસટમ શરૂ કરવાથી વાહનચાલકોને ટોલ પ્લાઝા પર ટોલ ટેક્સ આપવા માટે રોકાવાની કે, લાંબી લાઈનમાં ઉભા રહેવાની કે બેરિયર હટાવવા માટે રાહ જોવાની જરૂર નહિ પડે.

NHAI ના એક અધિકારીએ જણાવ્યું કે, ટોલ ચાર્જ ઓટોમેટિક નંબર પ્લેટ રિકગ્નિશન (ANPR) ટેકનોલોજીનો ઉપયોગ કરીને તમારો ટોલ ટેક્સ કાપશે. હાઈ રિઝોલ્યુશન કેમેરા ગાડીઓની નંબર પ્લેટ સ્કેન કરશે. FASTag સાથે જોડાયેલ રકમ ડાયરેક્ટ ખાતામાંથી ડેબિટ થઈ જશે. જેનાથી આ પ્રોસેસ સમગ્ર રીતે કોન્ટેક્સલેસ અને માણસની હાજરી વગર કામ કરશે. NHAI નું અનુમાન છે કે, બેરિયર ફ્રી સિસ્ટમથી ૧૫૦૦ કરોડ રૂપિયાના બળતણનો બચાવ થશે. એટલું જ નહિ, ૬૦૦૦ કરોડ રૂપિયાના વધારાની રેવન્યુ પ્રાપ્ત થશે. વાહનોને ઉભા રહેવાની જરૂર નહિ પડે. વાહનો ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડથી અહીથી પસાર થઈ શકશે.

# દીવના ઘોઘલા મીઠાબાવા સ્થિત શ્રી બજરંગદાસ બાપાના મંદિરનો ૧૭મો પાટોત્સવ ધામધૂમ ઉજવવામા આવ્યો









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૧**

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના મીઠાબાવા ખાતે શ્રી બાપા સીતારામ, સાગર પુત્ર ગ્રુપ મીઠાબાવા ઘોઘલા દ્વારા સંચાલીત શ્રી બજરંગદાસ બાપાના મંદિરને આજે સોળ વર્ષ પૂર્ણ કરી સત્તરમાં વર્ષમાં પ્રવેશ કરતા આજે ધામધૂમથી અને ઉત્સાહપૂર્વક ભવ્ય પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આજે વૈશાખ સુદ પૂનમના રોજ વિષ્ણુયાગ યજ્ઞનું આયોજન થયું હતું. સવારે દશ કલાકે ગંગાજળ તથા દુધથી અભિષેક કરી, પૂજા અર્ચના બાદ ભવ્ય કુંભ યાત્રા નીકળી હતી. આ કુંભ યાત્રા ગલીએ ગલીએ ફરી અને મંદિર પહોચી હતી.આ કુંભ યાત્રામાં મોટી સંખ્યામાં ભાવી ભક્તો જોડાયા હતા. ત્યારબાદ વિષ્ણુયાગ યજ્ઞ અને બપોરે એક વાગે મહાપ્રસાદનું આયોજન થયું હતું. જેનો મોટી સંખ્યામા ભક્તોએ લાભ લીધો હતો. ત્યારબાદ સાજે પાંચ કલાકે યજ્ઞમાં બીડુ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. આજે રાત્રે આજના ૧૭માં પાટોત્સવમાં બહોળી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને તમામ ધાર્મિક પ્રસંગનો લાભ લીધો હતો.

## વૃદ્ધ મહિલાએ માનસિક બિમારીથી કંટાળી આત્મહત્યા કરી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**જામનગર, તા.૦૧**

કાલાવડ તાલુકાના ડુંગરાળી દેવળીયા ગામ સીમ વિસ્તારમાં એક વૃદ્ધ મહિલાએ માનસિક બિમારીથી કંટાળી આત્મહત્યા કરી લેતા દુ:ખદ બનાવ સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, મરણજનાર જેનુબેન વાલીમામદભાઈચના (ઉંમર ૭૨ વર્ષ), છેલ્લા આશરે ત્રણ વર્ષથી માનસિક બિમારીથી પીડિત હતા અને સમયાંતરે સારવાર લઈ રહ્યા હતા. તેમ છતાં સ્વાસ્થ્યમાં યોગ્ય સુધારો ન થતા તેઓ નિરાશામાં જીવી રહ્યા હતા. તા.૨૯ એપ્રિલના રોજ વહેલી સવારે પોતાના વાડી વિસ્તારમાં તેમણે પેટ્રોલ શરીર પર છાંટી દીવાસળી વડે આગ લગાવી દીધી હતી. આ ઘટનામાં તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ચાલુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, અને સમગ્ર બનાવની તપાસ શરૂ કરી છે.

### બાળકોથી લઈને વૃદ્ધો સુધીના વ્યક્તિઓ જોવા આવ્યા

## સુરત પોલીસ દ્વારા શસ્ત્ર પ્રદર્શનનું આયોજન કરાયું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૧**

આધુનિક સમયમાં પોલીસ અને સુરક્ષા દળોને વધુ સશક્ત બનાવવા માટે અદ્યતન હથિયારોનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. ગુજરાત પોલીસના ચેતક કમાન્ડો પાસે રહેલી ઓટોમેટિક ગ્રેનેડ લોન્ચર સિસ્ટમ (AGL) પણ એવું જ એક અત્યંત શક્તિશાળી અને આધુનિક હથિયાર માનવામાં આવે છે. આ હથિયાર ખાસ કરીને મોટા વિસ્તાર પર ઝડપી અને અસરકારક હુમલો કરવા માટે ઉપયોગમાં લેવાય છે. અને આ મશીન સુરતની જનતાને સુરત પોલીસ દ્વારા આયોજિત શસ્ત્ર પ્રદર્શનમાં જોવાનો મોકો મળ્યો હતો. બાળકોથી લઈને વૃદ્ધો સુધીના વ્યક્તિઓ ખાસ તેને જોવા માટે આવ્યા હતા. દેખાવમાં તે AGL મશીનગન જેવી લાગે છે, પરંતુ તેમાં સામાન્ય ગોળીઓના બદલે નાના વિસ્ફોટક ગ્રેનેડ ફાયર કરવામાં આવે છે. આ હથિયારનું વજન અંદાજે ૧૬.૫૦૦ કિલો જેટલું હોય છે. તેમાં સેલ્ફ લોડિંગ સિસ્ટમ હોવાના કારણે એકવાર ટ્રિગર દબાવ્યા પછી સતત ફાયરિંગ શક્ય બને છે. જ્યાં સુધી ટ્રિગર છોડવામાં ન આવે અથવા ગ્રેનેડ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ સિસ્ટમ કાર્યરત રહે છે. ગ્રેનેડ લાંબી એમો બેલ્ટ દ્વારા ગનમાં પહોંચાડવામાં આવે છે, જેના કારણે સતત ફાયરિંગમાં સરળતા રહે છે.

AGLમાં સામાન્ય રીતે 30 mm થી 40 mm સુધીના ગ્રેનેડ્સ વપરાય છે. આ ગ્રેનેડ્સમાં પોઈન્ટ ડિટોનેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. એટલે કે ગ્રેનેડ કોઈપણ વસ્તુ સાથે અથડાતા જ તેની અણી પર રહેલો સ્ટ્રાઈકર પાછળ ધકેલાય છે અને ડિટોનેટર સક્રિય થાય છે. ત્યારબાદ ગ્રેનેડની અંદર રહેલું મુખ્ય વિસ્ફોટક સક્રિય થઈ જોરદાર વિસ્ફોટ સર્જે છે.

સુરક્ષા દળો માટે આ હથિયાર ખૂબ ઉપયોગી માનવામાં આવે છે. જો કોઈ વિશાળ વિસ્તારમાં દુશ્મન સૈનિકો ફેલાયેલા હોય તો AGLના સતત ફાયરિંગ દ્વારા આખા વિસ્તારને નિશાન બનાવી શકાય છે. એટલું જ નહીં, દુશ્મનની જીપ, ટ્રક અથવા હળવા સશસ્ત્ર વાહનોને પણ આ હથિયાર ભારે નુકસાન પહોંચાડી શકે છે. વિશેષજ્ઞોના જણાવ્યા અનુસાર, આવી આધુનિક હથિયાર પ્રણાલીઓ પોલીસ અને કમાન્ડો દળોની ઓપરેશનલ ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરે છે. આતંકવાદ વિરોધી કામગીરી, સરહદી સુરક્ષા અને જોખમી પરિસ્થિતિઓમાં AGL જેવી સિસ્ટમો મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. આ અંગે ગુજરાત પોલીસના ચેતક કમાન્ડો ગોપાલસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, ગ્રેનેડ ડાયામીટર ૧૫ મીટરની છે. તેમાં એક ટેલિસ્કોપ પણ આવે છે. ૪૦૦ ગ્રેનેડ ફાયર કરવાની ક્ષમતા ધરાવે છે. વર્લ્ડ વોર ટુ સમયે પણ આ પ્રકારની લોન્ચર સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે રશિયા અને ઈન્ડિયા બંનેની બનાવટ છે. સ્પેશિયલ ઓપરેશન્સ માટે તેને રાખવામાં આવી છે.

# સુરતમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો ભવ્ય પ્રારંભ: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કરાયું







**ઓરો યુનિવર્સિટી ખાતે ઔદ્યોગિક વિકાસ, ગ્રીન એનર્જી, કૃષિ અને સેવા ક્ષેત્રના સર્વાંગી વિકાસને પ્રતિબિંબિત કરતું વિશાળ પ્રદર્શન ખુલ્લું મુકાયું**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૧**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરત ખાતે આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સના શુભારંભ પૂર્વે ઓરો યુનિવર્સિટી કેમ્પસમાં યોજાયેલા વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ એક્ઝિબિશનનું વિધિવત ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે રાજ્યના ઔદ્યોગિક વિકાસ, કૃષિ પ્રગતિ, ગ્રીન એનર્જી અને સેવા ક્ષેત્રના સર્વાંગી વિકાસને પ્રતિબિંબિત કરતું વિશાળ પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પ્રદર્શનના વિવિધ પેવેલિયન અને સ્ટોલની મુલાકાત લઈને ઉદ્યોગકારો અને સ્ટાર્ટઅપ પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી હતી. તેમણે નવીન ટેકનોલોજી, ગ્રીન એનર્જી એકમો, કૃષિમાં આધુનિક પદ્ધતિઓ અને સેવા ક્ષેત્રના વિકસતા મોડલ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. આ સાથે તેમણે રાજ્યના વિકાસમાં ખાનગી ક્ષેત્ર, ઉદ્યોગકારો અને યુવાનોની ભાગીદારીને મહત્વપૂર્ણ ગણાવી પ્રોત્સાહન આપ્યું હતું.

ગુજરાત દેશના ‘ગ્રોથ એન્જિન’ તરીકે આગળ વધી રહ્યું છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા ‘વાઈબ્રન્ટ ગુજરાત’ના વૈશ્વિક વિઝનને વધુ વ્યાપક બનાવવા માટે પ્રાદેશિક સ્તરે આ પ્રકારની કોન્ફરન્સ યોજવાનો નવીન અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ પહેલના માધ્યમથી રાજ્યના દરેક વિસ્તારમાં રહેલા વિકાસના અવસરોને પ્રોત્સાહિત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સુરત ખાતે આયોજિત આ બે દિવસીય કોન્ફરન્સમાં દક્ષિણ ગુજરાતના સુરત સહિત ૬ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ઉદ્યોગ, કૃષિ, MSME અને સેવા ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રતિનિધિઓ સક્રિય ભાગ લઈ રહ્યા છે.

કોન્ફરન્સનો મુખ્ય હેતુ રિજનલ ઈન્ડસ્ટ્રીય ગ્રોથને ગતિ આપવી, રોકાણકારોને આકર્ષવા અને રોજગારના નવા અવસરો ઉભા કરવાનો છે. આ પ્રદર્શનને ઔદ્યોગિક અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર, ગ્રીન એનર્જી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, કૃષિ, ફૂડ પ્રોસેસિંગ અને સેવા ક્ષેત્ર એમ મુખ્ય ત્રણ વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન અંતર્ગત નવીન પ્રોડક્ટ્સ, ટેકનોલોજી, મશીનરી, સ્ટાર્ટઅપ ઈનોવેશન અને સરકારી યોજનાઓનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું છે.

ખાસ કરીને ગ્રીન એનર્જી ક્ષેત્રમાં સોલાર અને વિન્ડ એનર્જી સંબંધિત પ્રોજેક્ટ્સ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. આ ઉપરાંત, ગુજરાતની ઓળખરૂપ કૃષિ વૈવિધ્યને પ્રદર્શિત કરતો ‘મેન્ગો ફેસ્ટિવલ’ પણ યોજાયો હતો, જેમાં રાજ્યના દક્ષિણ ગુજરાતમાં ઉગતી કેરીની જાતો રજૂ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ટ્રેડ ફેરનો પણ પ્રારંભ કરાવ્યો હતો અને પ્રદર્શન દ્વારા ઊભી થનારી વ્યવસાયિક સંભાવનાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ પ્રકારની પ્રાદેશિક કોન્ફરન્સ રાજ્યના સંતુલિત અને સર્વસમાવેશક વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી. આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, ધારાસભ્યશ્રીઓ, રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ, ઉદ્યોગજગતના આગેવાનો અને દેશ-વિદેશના પ્રતિનિધિઓ જોડાયા હતા.

**સેલવાસ લાયન્સ ઈંગ્લિશ સ્કૂલનું ગૌરવ**

# ધો.૧૦ના વિદ્યાર્થી આર્યન સિંહની SGFI અંડર-૧૭ રાષ્ટ્રીય ક્રિકેટ ચેમ્પિયનશીપ માટે થયેલી પસંદગી




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૧**

લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેલવાસ લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ, ગર્વથી જાહેર કરે છે કે ધોરણ-૧૦-એચના પ્રતિભાશાળી વિદ્યાર્થી માસ્ટર આર્યન સિંહની SGFI અંડર -૧૭ રાષ્ટ્રીય ક્રિકેટ ચેમ્પિયનશિપ માટે પસંદગી કરવામાં આવી છે, જે દાદરા નગર હવેલી અને દમણ-દીવનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ ૨૬ એપ્રિલથી ૧ મે,૨૦૨૬ દરમિયાન તેલંગાણામાં યોજાઈ રહી છે.

આર્યન સિંહની નોંધપાત્ર સિદ્ધિ તેમના અતૂટ સમર્પણ, શિસ્ત, અથાક મહેનત અને ઉત્કૃષ્ટ રમતગમતનો એક શક્તિશાળી પુરાવો છે. આ ફક્ત પસંદગી નથી, પરંતુ તેમના સતત સંઘર્ષ, અતૂટ જુસ્સા અને શ્રેષ્ઠતાની શોધનું પરિણામ છે. તેમની આ સિદ્ધિ શાળા માટે ગૌરવનો એક સુવર્ણ પ્રકરણ છે, જે આવનારી પેઢીઓ માટે પ્રેરણાત્મક પ્રકાશસ્તંભ છે.

આર્યને સાબિત કર્યું છે કે, સ્પષ્ટ ધ્યેય, દૃઢ નિશ્ચય અને સતત પ્રયાસ સાથે, કોઈ પણ ધ્યેય અશક્ય નથી. તેની સિદ્ધિ દરેક વિદ્યાર્થીને પ્રેરણા આપે છે કે હિંમત, સમર્પણ અને દૃઢતા એ તેમના સપનાઓને પ્રાપ્ત કરવામાં સફળતાની સાચી ચાવી છે.

અત્રે નોંધનીય છે કે આર્યન સિંહે ફતેહ ટ્રોફી સીઝન ૩ માં પણ ભાગ લીધો છે, જે ૪ મે,૨૦૨૬થી શરૂ થવા જઈ રહી છે. આ ટૂર્નામેન્ટ પ્રદેશની ઉભરતી ક્રિકેટ પ્રતિભાઓને તેમની ક્ષમતાઓ દર્શાવવા માટે એક શક્તિશાળી અને અસરકારક પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ પ્રસંગે, લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ફતેહસિંહજી એમ. ચૌહાણે આર્યનને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા અને તેમના ઉજ્જવળ અને સફળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી છે. મેનેજમેન્ટ કમિટીના તમામ સભ્યો અને સમગ્ર શાળા પરિવારે પણ માસ્ટર આર્યન સિંહને આ પ્રતિષ્ઠિત સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા અને તેમને સતત સફળતાની શુભેચ્છા પાઠવી હતી.

શાળા પરિવારે રાષ્ટ્રીય મંચ પર આર્યન ઉત્કૃષ્ટ પ્રદર્શનથી શાળા, પ્રદેશ અને દેશને સન્માનિત કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# નવસારી જિલ્લામાં ‘પોષણ પખવાડિયું-૨૦૨૬’ જનઆંદોલન બન્યું

**પોષણ પખવાડિયામાં થીમ આધારિત કાર્યક્રમોથી વ્યાપક જાગૃતિ**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**નવસારી, તા.૦૧:** નવસારી જિલ્લામાં આઈ.સી.ડી.એસ. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.૦૯/૦૪/૨૦૨૬ થી તા.૨૩/૦૪/૨૦૨૬ દરમિયાન ‘પોષણ પખવાડિયું-૨૦૨૬’ની ઉજવણી જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે ઉત્સાહભેર કરવામાં આવી હતી. સમગ્ર અભિયાન દરમિયાન ગ્રામ્ય સ્તર સુધી પોષણ અંગે વ્યાપક જનજાગૃતિ સર્જાઈ હતી.

પોષણ પખવાડિયા અંતર્ગત જિલ્લામાં પૌષ્ટિક વાનગી ઉત્સવ, પોષણ જાગૃતિ રેલી, બાળ નાટકો, આરોગ્ય અને પોષણ વિષયક માર્ગદર્શન કાર્યક્રમો, સ્વચ્છતા અંગે સમજણ, તેમજ બાળકોમાં મોબાઈલ અને ટીવીના વધતા સ્ક્રીન ટાઈમને ઘટાડવા જાગૃતિ અભિયાન જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. આ ઉપરાંત વિવિધ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રોની મુલાકાત લઈ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ અભિયાન હેઠળ પાંચ મુખ્ય થીમ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં માતા અને બાળકનું પોષણ, સગર્ભા અને ધાત્રી માતાઓમાં પોષણ સ્તર સુધારવા જાગૃતિ, ૩ વર્ષના બાળકો સુધીના માનસિક વિકાસ માટે પ્રારંભિક ઉત્તેજન, ૩ થી ૬ વર્ષના બાળકો માટે રમત આધારિત શિક્ષણ, ડિજિટલ વેલબીઈંગ અંતર્ગત સ્ક્રીન ટાઈમ ઘટાડવા જાગૃતિ તેમજ સમુદાય સહયોગથી આંગણવાડી કેન્દ્રોને વધુ સશક્ત બનાવવા પ્રયાસોનો સમાવેશ થાય છે.

જિલ્લાના તમામ તાલુકાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજી નાગરિકોને કુપોષણમુક્ત સમાજ નિર્માણ માટે ‘પોષણ શપથ’ લેવડાવવામાં આવ્યો હતો. સાથે જ સમગ્ર કામગીરીનું ‘જન આંદોલન ડેશબોર્ડ’ પર રીઅલ ટાઈમ મોનિટરિંગ કરવામાં આવતા અભિયાન વધુ પારદર્શક, અસરકારક અને પરિણામલક્ષી બન્યું હતું તેમ પ્રોગ્રામ ઓફિસર આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત નવસારીની અખબારી યાદીમાં જણાવેલ છે.

**EMRI GREEN HEALTH SERVICESની અનોખી સેવાં**

# ધરમપુરના માંકડબનમ ગામમાં એમ્બ્યુલન્સની ટીમ દ્વારા વાછરડાનું હર્નિયાનું ઓપરેશન સફળ કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૧**

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકો અને માંકડબન ગામમાં ફરતું દવાખાનુંની અંદર એક ઈમર્જન્સી કેસ આવતા અમારી એમ્બ્યુલન્સ ત્યાં તાત્કાલિક સારવાર માટે પહોંચી ગઈ હતી ત્યાં જઈને ડોક્ટરે જોતા જીતેશભાઈના ઘરે ૨ મહિનાની વાછરડીને પેટમાં સારણ ગાંઠ (Umbilical Hernia) થયેલી જાણવા મળી હતી તેથી ડૉક્ટર એ તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે એમને Umbilical Hernia છે તો ત્યાં પહોચેલાemri green health services સંસ્થાના ડોક્ટર હાર્દિકભાઈ અને ડોક્ટર પ્રણવભાઈ અને પાઈલોટ અશોકભાઈ અને નિતેશભાઈએ મળીને હરણીયાને મૂળમાંથી કાઢીને ઓપરેશન કર્યું હતું અને હરણ્યાનાં દુખાવામાંથી મુક્ત કરાવ્યું હતું. આ રીતે એમનો જીવ બચાવામાં આવ્યો હતો એ બદલ પશુ માલીકે આ બદલ EMRI green health services સંસ્થા અને એમના ડોક્ટર અને પાયલોટને અભિનંદન પાઠવ્યા હતા.

**પેન્શનરો માટે ગુજરાત સરકારની મહત્વપૂર્ણ પહેલ**

# ગુજરાતના પેન્શનરોને હવે જીવન પ્રમાણપત્ર ચકાસણી માટે બેંક કે ઓફિસ જવાની જરૂર રહેશે નહીં

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૧**

ગુજરાતના પેન્શનરોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ માટે ગુજરાત સરકાર અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક વચ્ચે સમજૂતી કરાર કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યના પેન્શનરોના DLC વિના મૂલ્યે કરવાના છે. જેની અવધિ ૦૧ મે, ૨૦૨૬ થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધીની છે. સામાન્ય રીતે પેન્શનરોને તેમના જીવન પ્રમાણપત્ર માટે સંબંધિત કચેરી કે બેંકમાં જવું પડતું હોય છે, જે પેન્શનરો માટે મુશ્કેલ બની રહે છે. આ સેવા હેઠળ, પોસ્ટ વિભાગના પોસ્ટમેન તથા બ્રાંચ પોસ્ટમાસ્ટર ગુજરાત રાજ્ય સરકારના પેન્શનરોના ઘરે જઈને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) અંગેની સેવા આપશે અને પેન્શનરનાં હયાત હોવાની પુષ્ટિ તેમના ઘરે જ સંપૂર્ણપણે મફતમાં કરવામાં આવશે. આ માટે પોસ્ટમેન તથા બ્રાંચ પોસ્ટમાસ્ટર પેન્શનરોના પાસેથી આધારકાર્ડ, પેન્શન પેમેન્ટ ઓર્ડર (PPO) નંબર, બેંક વિગતો અને મોબાઈલ નંબર મેળવી બાયોમેટ્રિક માન્યતા દ્વારા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઈસ્યુ કરશે. આ પ્રમાણપત્ર તરત જ પેન્શનરના મોબાઈલ પર પ્રાપ્ત થશે તથા સંબંધિત પેન્શન કાર્યાલય ખાતે પહોંચશે. આ ઉપરાંત પેન્શનર, પોસ્ટ ઓફિસની પોસ્ટ ઈન્ફો એપ્લીકેશન દ્વારા પણ આ સેવા માટે વિનંતી મોકલી શકે છે. કોઈપણ પેન્શનર (જેનું પેન્શન ગુજરાત સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે) તે ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી આ સેવાનો લાભ લઈ શકે છે. આ અંતર્ગત, વલસાડ વિભાગના સિનિયર સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસના માર્ગદર્શન હેઠળ, આ સેવા વલસાડ વિભાગની તમામ ૩૨૫ પોસ્ટ ઓફિસો (શહેર તેમજ ગામ વિસ્તારો) માં ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# વેકેશન તથા આકરી ગરમીનાં પગલે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વસ્તી ગણતરીનો સમયગાળો બદલવા માંગ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૦૧**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ગુજરાત રાજ્યમાં વસ્તી ગણતરી ૨૦૨૬નાં કાર્યક્રમ અંગે વસ્તી ગણતરી નિયામકને મહત્ત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવેલ છે. વસ્તી ગણતરીનાં પ્રથમ તબક્કો તા.૨૦/૪/૨૦૨૬થી તા.૧૯/૫/૨૦૨૬ વચ્ચે રાખવામાં આવેલ હતો. પરંતુ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં કારણે આ કાર્યક્રમ હાલ સ્થગિત રાખવામાં આવેલ છે.

સમગ્ર રાજ્યમાં હાલ અસહ્ય ગરમી પડી રહી છે, તેમજ વસ્તી ગણતરી માટે મુખ્યત્વે પ્રાથમિક શિક્ષકોને જોડવામાં આવે છે, ત્યારે શિક્ષકોએ વેકેશન દરમિયાન પરિવાર સાથે વતન




કે પ્રવાસનાં આયોજનો પણ કરેલ છે. જેમાં વિક્ષેપ ન પડે તથા ૧લી જૂન બાદ રાજ્યમાં ગરમીમાં પણ ઘટાડો થવાની શક્યતા હોવાથી વસ્તી ગણતરીની કામગીરી ૧લી જૂન પછી શરૂ કરવા અંગે ગાંધીનગર ખાતે વસ્તી ગણતરી નિયામકશ્રીને લેખિતમાં વિનંતી કરવામાં આવી છે.

આ બાબતે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ શ્રી કિરીટભાઈ પટેલે જણાવ્યું છે કે વેકેશન દરમિયાન શિક્ષકોની હાજરીમાં મુશ્કેલી આવી શકે છે. ઉપરાંત ગરમીનાં કારણે કામગીરીમાં અડચણ સર્જાઈ શકે છે. આ અંગે સરકારશ્રી દ્વારા આગળનાં કાર્યક્રમ માટે જરૂરી સૂચના સત્વરે જાહેર કરવામાં આવે એવી આશા છે. આ રજૂઆતને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વધાવાઈ છે.

# મોગરાવાડીની ૨૭ વર્ષીય લક્ષ્મીકુમારી રાજપૂત ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**



**વલસાડ, તા.૦૧:** વલસાડ શહેરના મોગરાવાડીના બાળમંદિરની પાછળ, મોટા તળાવ ખાતે મકાનમાલિક શરીફખાનના ભાડેના મકાનમાં રહેતા રામસાગર રાજપૂત, (મૂળ રહેવાસી ભૈંસામાફી, તા.મેહદાવલ, જી.સંતકબીર, (ઉત્તરપ્રદેશ- ૨૭૨૨૭૦) ની ૨૭ વર્ષીય પત્ની લક્ષ્મીકુમારી તા.૨૦/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે પોતાના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર કયાંક ચાલી ગયા છે. જેમની શોધખોળ કરવા છતાં કોઈ પતો લાગ્યો ન હતો જેથી પતિ રામસાગરે વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં તેમની પત્ની ગુમ થયાની જાણ કરી હતી. ગુમ થનાર લક્ષ્મી શરીરે મધ્યમ બાંધાની, રંગે ઘંઉવર્ણી, ઊંચાઇ પાંચ ફૂટ જેટલી છે. જેમણે શરીરે ગ્રે કલરની સલવાર સૂટ પહેરેલ છે. અને કાળા કલરની ચંપલ પહેરેલ છે. તેણી હિન્દી ભાષા સારી રીતે બોલી તથા સમજી શકે છે. જો કોઈને ગુમ થનારની ભાળ મળે તો વલસાડ સીટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સટેબલ અરવિંદભાઈ પાલવાના મોબાઈલ નં.૬૩૫૯૫૭૮૨૮૯ અને સીટી પોલીસ સ્ટેશનના ફોન નંબર ૦૨૬૩૨-૨૪૪૨૩૩ નંબર પર સંપર્ક કરવા વલસાડ સીટી પોલીસ સ્ટેશનની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગુજરાતમાં રૂા.૧૫ લાખથી વધુના સમ એશ્યોર્ડ તરફ ઝુકાવ જોવા મળ્યો: ટાટા એઆઈજીનું અવલોકન




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૧**

ભારતની અગ્રણી જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓમાંની એક, ટાટા એઆઈજી જનરલ ઈન્શ્યોરન્સ કંપનીએ ગુજરાતમાં હેલ્થ ઈન્શ્યોરન્સ ખરીદવાની પેટર્નમાં નોંધપાત્ર પરિવર્તન હોવાનું નોંધ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોની તુલનામાં હવે ગ્રાહકો વધુ પ્રમાણમાં રૂા.૧૫ લાખ અને તેનાથી વધુ સમ ઈન્શ્યોર્ડ પસંદ કરી રહ્યા છે. આ ટ્રેન્ડ વધતી આરોગ્ય જાગૃતિ, મજબૂત નાણાંકીય સુરક્ષાની જરૂરિયાત અને આરોગ્ય સેવાઓના વધતા ખર્ચને દર્શાવે કરે છે.

છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન, ટાટા એઆઈજીએ ૩૫વર્ષથી ઓછી ઉંમરના ગ્રાહકોના હિસ્સામાં પણ નોંધપાત્ર વધારો નોંધ્યો છે. આ વૃદ્ધિ વહેલી વયે ઈન્શ્યોરન્સ લેવામાં મળતા ડિસ્કાઉન્ટ્સ અને યુવા વર્ગ/જીવનના તબક્કાને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી પ્રોડક્ટ ઓફરિંગ્સના કારણે જોવા મળી છે, જે વહેલી ઉંમરે આરોગ્ય વીમાની સ્વીકૃતિને પ્રોત્સાહિત કરે છે. રાજ્યમાં ગ્રાહકોની પસંદગીમાં પણ પરિવર્તન આવી રહ્યું છે. જ્યાં તેઓ હવે ફલેક્સિબિલિટી આપતી અને આવશ્યક સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી કસ્ટમાઈઝ કરી શકાય તેવી પ્રોડક્ટસ તરફ વધુ ઝુકાવ દર્શાવી રહ્યા છે. આ દર્શાવે છે કે, ગ્રાહકો હવે વધુ વ્યવહારૂ અભિગમ અપનાવી રહ્યા છે અને જટિલ કવરેજ વિકલ્પો કરતા પોતાના ખાસ જરૂરીયાતોને અનુરૂપ મૂલ્ય આધારિત ઉકેલો પસંદ કરી રહ્યા છે.

ટાટા એઆઈજી જનરલ ઈન્શ્યોરન્સના રિટેલ હેલ્થ અંડરરાઈટિંગ હેડ ડો. સંતોષ પુરીએ જણાવ્યું હતું કે, ‘ગુજરાતમાં અમે સ્પષ્ટ રીતે જોઈ રહ્યા છીએ કે ગ્રાહકો હવે વધુ ઊંચા સમ ઈન્શ્યોર્ડ અને વધુ વિચારપૂર્વકના હેલ્થ ઈન્શ્યોરન્સ વિકલ્પો પસંદ કરી રહ્યા છે. ગ્રાહકો પૂરતા કવરેજ અને ફલેક્સિબિલિટીને વધુ પ્રાથમિકતા આપી રહ્યા છે અને સાથે સાથે નાની ઉંમરે જ ઈન્શ્યોરન્સ ઈકોસિસ્ટમમાં પ્રવેશી રહ્યા છે. આ પ્રવૃત્તિઓ વધુ જાણકારીસભર અને સક્રિય નાણાંકીય સુરક્ષા અભિગમને દર્શાવે છે અને અમે આવી બદલાતી જરૂરિયાતો સાથે સુસંગત ઉકેલો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

ટાટા એઆઈજીના ભારતભરના કુલ હેલ્થ ઈન્શ્યોરન્સ પોર્ટફોલિયોમાં ગુજરાત આશરે ૬-૮ ટકા યોગદાન આપે છે, જે તેને મહત્વપૂર્ણ બજાર તરીકે દર્શાવે છે. ક્લેમ્સની દૃષ્ટિએ વષોથી ગુજરાતમાં કેટલાક અલગ ટ્રેન્ડેસ જોવા મળે છે, જેમાં ડેન્ગ્યું તાવ, એક્યુટ ગેસ્ટ્રોએન્ટેરાઈટિસ (AGE) અને ટાઈફોઈડ જેવા ચેપી રોગો ભારતના અન્ય ભાગોની તુલનામાં આશરે ૧૮થી ૨૦ટકા વધુ ક્લેમ્સ માટે જવાબદાર છે. આ પરિસ્થિતિ પ્રદેશના પોલિસીધારકો માટે પૂરતા કવરેજ અને તૈયારીની આવશ્યકતાને વધુ મજબૂત બનાવે છે.

આ પ્રદેશમાં મુખ્યત્વે એજન્સી આધારિત ડિસ્ટ્રીબ્યુશન મોડેલનું પ્રભુત્વ છે, જે સલાહકાર આધારિત નિર્ણય પ્રક્રિયા પર મજબૂત નિર્ભરતા દર્શાવે છે. કંપનીએ રાજ્યમાં મજબૂત હાજરી ઊભી કરી છે, જેમાં અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર અને વડોદરા સહિતના મુખ્ય શહેરોમાં ૨૫ શાખાઓના સહારે ૨,૩૨૬ એજન્ટ્સનું નેટવર્ક કાર્યરત છે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# તંત્રને પારદર્શક બનાવવા સાથે માનવીય બનાવવામાં આવે એ અત્યંત જરૂરી

**ઓ**રિસ્સાના ક્યોંઝર જિલ્લામાં ૫૦ વર્ષનો એક પુરુષ કોથળામાં પોતાની મૃત બહેનનું હાડાપિંજર લઈ બેંક જઈ પહોંચ્યો, કેમ કે બહેનનાં બેંક ખાતામાંની રકમ મેળવવા માટે સાબિતી જોઈતી હતી કે, તેનું અવસાન થઈ ગયું છે. અરેરાટી થઈ આવે એવી આ ઘટનાએ દેખાડી આપ્યું છે કે, સામાન્ય માણસની સવલત માટે કામ કરતું તંત્ર નિયમો પ્રક્રિયાની ઝંઝાળને પગલે કેટલી હદે સંવેદનાવિહિન અને અમાનવીય બની ગયું છે. આ સાથે જ ગરીબી માણસને કેવો લાચાર બનાવી મૂકે છે, એ બાબત પણ ઉજાગર થાય છે. ઓરિસ્સાના આદિવાસી જિલ્લાની આ ઘટના ચોંકાવનારી એ કારણસરથી પણ છે કે, રાજ્યના મુખ્યપ્રધાનનું તે મતદાર ક્ષેત્ર છે. સોશિયલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ તંત્ર હરકતમાં આવ્યું. જો કે, ઓરિસ્સામાં આ પહેલાં પણ વાહનના અભાવે મૃતક પત્નીના મૃતદેહને અંતિમવિધિ માટે ખભે નાખીને લઈ જવાની હૃદયદ્રાવક ઘટના બની હતી. એમ તો ક્યોંઝર જિલ્લાના જીતુ મુંડાની મૃત બહેન કાલરા મુંડાનાં બેંક ખાતામાં માંડ ૧૯,૪૦૨ રૂપિયા જેટલી રકમ હતી, પણ અશિક્ષિત અને ગરીબ જીતુ માટે આ રકમ નોંધપાત્ર ગણાય. આથી તેણે ઓરિસ્સા ગ્રામીણ બેંકની માલિપોસી ખાતેની શાખાની મુલાકાત લીધી, પણ અહીં તેને જવાબ મળ્યો કે, જ્યાં સુધી ખાતાધારક નહીં આવે, પૈસા નહીં મળે. કોઈએ જીતુની મનસ્થિતિ કે પરિસ્થિતિ સમજવાનો પ્રયાસ પણ ન કર્યો. મૃતકનું ડેથ સર્ટિફિકેટ તથા જરૂરી દસ્તાવેજો લાવવાનું સમજાવવાની તસ્દી કોઈએ લીધી નહીં અને જીતુને જે સમજાયું એ તેણે કર્યું. ૨૬મી જાન્યુઆરીએ ગુજરી ગયેલી મોટી બહેનને જ્યાં દફનાવાઈ હતી, ત્યાંથી હાડાપિંજર થઈ ગયેલાં શરીરનું ધડ કોથળામાં ભર્યું અને પગ લટકતા રાખી એ શરીર ખભે નાખી તે બેંકની દિશામાં નીકળી પડ્યો. કેન્દ્ર સરકારે છેવાડાની વ્યક્તિને બેંકિંગ સિસ્ટમ સાથે જોડવાનો સંનિષ્ઠ પ્રયાસ સફળ રહ્યો, પણ તેમાં જરાક માણસાઈ બેંકના સ્ટાફે ભેળવી હોત, તો આ પ્રયાસ સાર્થક ગણાત. ખાસ તો એ કારણથી કે, ઓરિસ્સાની જનજાતિઓમાં સાક્ષરતાનું પ્રમાણ માંડ ૩૦ ટકા છે, એ જોતાં નિયમોના દાયરામાં રહીને જીતુને સમજાવીને મદદ કરી હોત, તો માનવતાને શરમાવા જેવું ન થાત. બેંકનો દાવો છે કે, અમે જીતુને દસ્તાવેજો લાવવાનું કહ્યું હતું. જીતુનું કહેવું છે કે મને કહેવાયું હતું કે, તમારી બહેન જીવે છે કે મૃત્યુ પામી છે, એ સાબિત કરો. આ ઘટના પ્રકાશમાં આવતાં ઓરિસ્સાના પ્રધાને સંબંધિત વ્યક્તિ સામે કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું છે અને જીતુનું કામ થઈ જશે, એવી બાંહેધરી આપી છે. જો કે, આ ઉકેલ નથી. તંત્રને પારદર્શક બનાવવા સાથે માનવીય બનાવવામાં આવે એ અત્યંત જરૂરી છે. જીતુને બહેનનાં ખાતામાંની રકમ ઉપરાંત જિલ્લા પ્રશાસન તરફથી પણ આર્થિક મદદ મળી ગઈ છે, પણ માનવતાનું માથુ શરમથી ઝૂકી ગયું એનું શું?

### NCBએ ઈન્ટરનેશનલ ડ્રગ્સ રેકેટનો કર્યો પર્દાફાશ

# મુંબઈમાં ૧૭૪૫ કરોડનું કોકેઈનનો જથ્થો જપ્ત કરાયો

### આ પહેલા મુંબઈ પોલીસે ડ્રગ તસ્કરી વિરુદ્ધ મોટી કાર્યવાહી કરતા પૂર્વ બાર ડાન્સરની ધરપકડ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ,તા.૦૧**

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં કોકેઈનનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)ની ટીમે ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરીને કોકેઈનનો ૩૪૯ કિલોગ્રામનો આ જથ્થો જપ્ત કર્યો છે. એક અંદાજ મુજબ, NCB દ્વારા જપ્ત કરવામાં આવેલા કોકેઈનના જથ્થાની બજારમાં અંદાજિત કિંમત આશરે ૧૭૭૫ કરોડ આંકવામાં આવી છે. નશીલા પદાર્થનો આટલો મોટો જથ્થો ક્યાંથી આવ્યો, કોણ લાવ્યું અને તે ક્યાં જવાનો હતો, તે હાલ તપાસનો વિષય છે. નશાનો આટલો મોટો જથ્થો જોઈને NCBની ટીમ પણ ચોંકી ગઈ હતી. NCBનું કહેવું છે કે, કોકેઈનની જપ્તીની સાથે જ ઈન્ટરનેશનલ ડ્રગ્સ રેકેટનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો છે.

ગૃહમંત્રી અમિત શાહે ડ્રગ્સની જપ્તી અને રેકેટનો પર્દાફાશ કરવા બદલ NCBને અભિનંદન પાઠવ્યા છે. NCBની સફળતા પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે X પર પોસ્ટ શેર કરીને ટીમને અભિનંદન આપ્યા છે. સાથે જ તેમણે નશાની તસ્કરી વિરુદ્ધ સખત કાર્યવાહી ચાલુ રાખવાનો સંકલ્પ દોહરાવ્યો છે. તેમણે જણાવ્યું કે, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)એ મુંબઈમાં મોટી કાર્યવાહી કરતા ૩૪૯ કિલો હાઈ-ગ્રેડ કોકેઈન જપ્ત કરી છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત આશરે ૧૭૪૫ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. અમિત શાહના જણાવ્યા મુજબ, આ ઓપરેશન એજન્સીના બોટમ-ટુ-ટોપ એપ્રોચનું ઉદાહરણ છે, જેમાં એક નાના કન્સાઈનમેન્ટમાંથી કડી મેળવીને સમગ્ર આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. તેમણે આ સફળતા બદલ NCBની ટીમને અભિનંદન આપતા કહ્યું કે, સરકાર ડ્રગ કાર્ટેલને જડમૂળથી ખતમ કરવા માટે કટિબદ્ધ છે.

આ પહેલા મુંબઈ પોલીસે ડ્રગ તસ્કરી વિરુદ્ધ મોટી કાર્યવાહી કરતા એક પૂર્વ બાર ડાન્સરની ધરપકડ કરી હતી. પોલીસને આરોપી પાસેથી આશરે ૬ કરોડ રૂપિયાની ૫,૦૦૦ MDMA (એક્સ્ટસી) ગોળીઓ મળી આવી હતી. ધરપકડ કરાયેલી મહિલાની ઓળખ અશ્વિની પોલ તરીકે થઈ છે. આરોપી મહિલા પુણેની રહેવાસી હોવાનું કહેવાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, તે મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં ફેલાયેલા એક મોટા ડ્રગ નેટવર્કની મહત્વની કડી હોઈ શકે છે. પોલીસે અશ્વિનીની શહેરના બહારના વિસ્તાર ટિટવાલા સ્થિત પદ્માવતી રોયલ્સ સોસાયટીમાંથી ધરપકડ કરી હતી. દરોડા દરમિયાન પાંચ મોબાઈલ ફોન અને આઠ સિમ કાર્ડ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, અશ્વિનીની ડ્રગના વ્યવસાયમાં એન્ટ્રી તેના પાર્ટનરના જેલમાં ગયા પછી થઈ હતી. જેલમાં મુલાકાત દરમિયાન તેની ઓળખ ઈરફાન નામના એક ડ્રગ તસ્કર સાથે થઈ હતી, જેણે તેને ઝડપથી પૈસા કમાવવાની લાલચ આપીને આ ધંધામાં ઉતારી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, અશ્વિનીએ ૨૦૧૨માં મુંબઈ આવીને ડાન્સ બારમાં કામ શરૂ કર્યું હતું. સમય જતાં તે કથિત રીતે પાર્ટી ડ્રગ્સની સપ્લાય કરવા લાગી અને ધીરે-ધીરે તેનું નેટવર્ક મુંબઈથી મહારાષ્ટ્રના અન્ય શહેરો સુધી ફેલાઈ ગયું હતું. તે મુખ્યત્વે કોલેજ જતા યુવાનોને નિશાન બનાવતી હતી અને એક ગોળીની કિંમત ૧,૫૦૦થી ૨,૦૦૦ રૂપિયાની વચ્ચે વસૂલતી હતી. આ મામલામાં પોલીસે અગાઉ જ સાકી નાકા વિસ્તારમાંથી ઈરફાન અંસારી અને સુફિયાન નામના બે આરોપીઓની ૨૦૦ ગોળીઓ સાથે ધરપકડ કરી હતી. તેમના પાસેથી મળેલી માહિતીના આધારે પોલીસ અશ્વિની સુધી પહોંચી હતી.

### DRIએ ૧૯.૮૭ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો

# મુંદ્રા બંદરે સિંગાપોરથી આવેલું નકલી સિગારેટનું કન્ટેનર ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા) **કચ્છ,તા.૦૧**

ગુજરાતના મુંદ્રા બંદરેથી ફરી એકવાર મોટા પાયે થતી દાણચોરીનો પર્દાફાશ થયો છે. DRI (ડાયરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ) એ એક ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરીને સિંગાપોરથી આયાત કરાયેલા કન્ટેનરમાંથી અંદાજે ૧૯.૮૭ કરોડની કિંમતની નકલી સિગારેટનો જથ્થો ઝડપી પાડ્યો છે.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ કન્ટેનર માટે કોઈ પણ સત્તાવાર 'બિલ ઓફ એન્ટ્રી' રજૂ કરવામાં આવી નહોતી. દસ્તાવેજોના અભાવે શંકા જતાં જ્યારે કન્ટેનરની તલાશી લેવામાં આવી, ત્યારે તેમાંથી કુલ ૮૨,૮૦,૦૦૦ નકલી સિગારેટની સ્ટિક્સ મળી આવી હતી.

**સિંગાપોર જેવા દેશમાંથી આટલી મોટી માત્રામાં નકલી સિગારેટનો જથ્થો મુંદ્રા પોર્ટ પર ઉતરતા સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે**

DRIએ આ તમામ મુદ્દામાલ જપ્ત કરીને કસ્ટમ્સ એક્ટ હેઠળ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સિંગાપોર જેવા દેશમાંથી આટલી મોટી માત્રામાં નકલી સિગારેટનો જથ્થો મુંદ્રા પોર્ટ પર ઉતરતા સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે.

આ પાછળ કોઈ મોટું આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ રેકેટ સક્રિય હોવાની આશંકા સેવાઈ રહી છે. હાલ DRI એ સિગારેટના આ જથ્થાને કોણે મંગાવ્યો હતો અને તે ક્યાં મોકલવાનો હતો તે દિશામાં સઘન તપાસ શરૂ કરી છે.

### મે મહિનાનું તાપમાન ૫૫ વર્ષનો રેકોર્ડ તોડશે

# ૧૯૭૧ બાદ પહેલી વાર મન મૂકીને વરસશે વરસાદ, IMDનું એલાન

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી,તા.૦૧**

આમ તો મે મહિનાનું નામ સાંભળતા મનમાં બાળી નાખે તેવી ગરમી, રસ્તા પર સન્નાટો અને આકાશમાંથી વરસતી આગની તસવીરો સામે આવે, પણ વર્ષ ૨૦૨૬ની આ ગરમી પોતાની પરંપરા તોડવાના મૂડમાં છે. ભારતીય હવામાન વિભાગના આંકડાએ એક એવી કહાની લખી દીધી છે, જે દાયકાઓના રેકોર્ડને પડકાર આપી રહી છે. જ્યાં ૧૯૭૧થી ૨૦૨૦ સુધી છેલ્લા ૫૫ વર્ષનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે મેમાં સરેરાશ ૬૧.૪ મિમી વરસાદ થાય છે. વળી આ વખતે વાદળોએ પોતાની ચાલ બદલી લીધી છે. આ વર્ષે આકાશમાંથી ખાલી સૂરજ આગ જ નહીં વરસાવે, પણ ગર્જના અને વીજળીના કડાકાથી સામાન્યથી ૧૧૦ ટકા વધારે વરસાદના અણસાર લઈને આવી રહ્યું છે.

**ગુજરાત અને મહારાષ્ટ્રના અમુક ભાગમાં ૩-૪ દિવસ હજુ વધારે હીટવેવ રહેવાની સંભાવના છે**

આ ખાલી એક મૌસમી બદલાવ નથી, પણ પ્રકૃતિનું એ નાટકીય વળાંક છે, જ્યાં પશ્ચિમી વિક્ષોભ એટલે કે વેસ્ટર્ન ડિસ્ટર્બેંસ અને અરબ સાગરનો ભેજ મળીને તપતી ધરતીને મેની ઠંડકનો અહેસાસ કરાવવાની તૈયારીમાં છે. જ્યારે અલ નીનો જેવા દૈત્ય પ્રશાંત મહાસાગરમાં ધામા નાખી રહ્યા છે, ત્યારે ભારતીય આકાશમાં ગર્જતા આ વાદળ ભવિષ્યના ચોમાસાની એક રહસ્યમય પટકથા તૈયાર કરી રહ્યા છે.

ભારતીય હવામાન વિભાગના તાજા પૂર્વાનુમાન અનુસાર, મેનો મહિનો દેશના મોટા ભાગમાં રાહત અને પડકારથી ભરેલો રહેશે. એક તરફ જ્યાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વરસાદની વધારે સંભાવના છે, ત્યાં બીજી તરફ અમુક રાજ્યોમાં સામાન્યથી વધારે હીટવેવનો સામનો કરવો પડી શકે છે. મે દરમ્યાન દેશના મોટા ભાગમાં દિવસનું તાપમાન સામાન્ય અથવા સામાન્યથી ઓછું રહેવાની આશા છે. જો કે દક્ષિણ ભારત, પૂર્વોત્તર અને ઉત્તર પશ્ચિમ ભારતના અમુક ભાગમાં ગરમીની અસર બની રહેશે. રાતના તાપમાનની વાત કરીએ તો દેશના કેટલાય ભાગમાં આ સામાન્યથી વધારે રહી શકે છે.

**મે મહિનાની અમુક વિશેષતાઓ:** ગરમી નબળી પડશે- વધારે ગર્જના-ચમક અને પશ્ચિમી વિક્ષોભની વધતી આવૃતિના કારણે મે મહિનો આશાથી વધારે ગરમ રહેવાની સંભાવના છે.

હીટવેવનો ખતરો- હિમાલયની તળેટી, પૂર્વી તટીય રાજ્યો, ગુજરાત અને મહારાષ્ટ્રના અમુક ભાગમાં ૩-૪ દિવસ હજુ વધારે હીટવેવ રહેવાની સંભાવના છે.

**ચોમાસાનું આગમ**- બંગાળની ખાડી ઉપર ૧૪થી ૨૦ મેની વચ્ચે દક્ષિણ-પશ્ચિમી હવાઓ તેજ થવાની આશા છે. અંદમાન સાગરમાં ચોમાસું સામાન્ય રીતે ૨૦ મેની આસપાસ પહોંચે છે.

**અલ નીનોનો પ્રભાવ**- પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની સ્થિતિ વિકસિત થઈ રહી છે. મેથી જૂલાઈની વચ્ચે તે સક્રિય થવાની ૬૦ ટકા સંભાવનાઓ છે, જે ચોમાસા માટે ચિંતાનો વિષય હોઈ શકે છે.

**પોઝિટિવ IOD**- હિંદ મહાસાગરમાં વર્તમાનમાં ન્યૂટ્રલ છે, પણ ચોમાસાના અંત સુધી તે પોઝિટિવ થવાની આશા છે, જે ચોમાસાના વરસાદને વધારવામાં મદદ કરે છે.

### -૬૦ દિવસમાં અરજીઓને પ્રોસેસ કરવાની છે તેવા પેટાક્ષેત્રોની યાદી તૈયાર કરી રહ્યો છે-

# ચીનનો ૧૦% હિસ્સો ધરાવતી વિદેશી કંપનીઓ માટે FDI નિયમો હળવા થશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૦૧**

કેન્દ્ર સરકાર ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) હેઠળ 10 ટકા સુધી ચાઈનીઝ હિસ્સો ધરાવતી વિદેશી કંપનીઓ માટે ભારતમાં સીધા વિદેશી રોકાણ (એફડીઆઇ)ના નિયમોને ઉદાર બનાવવા માટે સજ્જ બની છે અને ટૂંકસમયમાં આ અંગેનું નોટિફિકેશન જારી કરશે. અગાઉ માર્ચમાં કેન્દ્રીય કેબિનેટે વિવાદાસ્પદ પ્રેસ નોટ-3માં સુધારાને મંજૂરી આપી હતી. આ સુધારા મુજબ 10 ટકા સુધીની ચીની માલિકી ધરાવતી વિદેશી કંપનીઓ ભારતના વિવિધ ક્ષેત્રોમાં ઓટોમેટિક રૂટ હેઠળ સીધું વિદેશી રોકાણ કરી શકશે. જોકે હળવા નિયમો ચીન, હોંગકોંગ અથવા ભારત સાથે જમીન સરહદો ધરાવતા બીજા દેશોમાં રજિસ્ટ્રર્ડ થયેલી કંપનીઓને લાગુ પડશે નહીં. સરકારે કેપિટલ ગૂડ્સ, ઈલેક્ટ્રોનિક કેપિટલ ગૂડ્સ, ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ, પોલિસિલિકોન જેવા કેટલાંક ક્ષેત્રોમાં એફડીઆઈની દરખાસ્તો અંગે 60 દિવસમાં નિકાલ લાવવાનો પણ નિર્ણય કર્યો છે. આ સુધારા અંગે ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગ (DPIIT) નોટિફિકેશન જારી કર્યું છે, પરંતુ આર્થિક બાબતોના વિભાગ (DEA) તેને નોટિફાઈ કર્યા નથી. આર્થિક બાબતોના વિભાગે ફેમા હેઠળ નોટિફિકેશન જારી કરવું જરૂરી છે. DPIITના સંયુક્ત સચિવ જય પ્રકાશ શિવહરેએ જણાવ્યું હતું કે તેમનો વિભાગ 60 દિવસમાં અરજીઓને પ્રોસેસ કરવાની છે તેવા પેટાક્ષેત્રોની યાદી તૈયાર કરી રહ્યો છે. તેમણે માહિતી આપી હતી કે એપ્રિલ-ફેબ્રુઆરી 2025-26માં કુલ એફડીઆઇ 88.29 અબજ ડોલરની સ્પર્શ્યુ હતું. દરમિયાન મીડિયાને સંબોધતા DPIIT સચિવ અમરદીપ સિંહ ભાટિયાએ જણાવ્યું હતું કે 2025-26ના સંપૂર્ણ નાણાકીય વર્ષમાં કુલ સીધુ વિદેશી રોકાણ (FDI) 90 અબજ સુધી પહોંચવાની શક્યતા છે.

**જોકે હળવા નિયમો ચીન, હોંગકોંગ અથવા ભારત સાથે જમીન સરહદો ધરાવતા બીજા દેશોમાં રજિસ્ટ્રર્ડ થયેલી કંપનીઓને લાગુ પડશે નહીં**

### લ્યો...ચૂંટણી પૂર્ણ થતાં જ મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો..!

# કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં રૂપિયા ૯૯૩નો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૧:** દેશમાં અનેક રાજ્યોની ચૂંટણીઓ પૂર્ણ થતાની સાથે જ મોંઘવારીનો મોટો વિસ્ફોટ થયો છે. સરકારી ઓઈલ કંપનીઓએ ૧ મે ૨૦૨૬થી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૯૯૩ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંક્યો છે. આ વધારા બાદ દિલ્હી સહિત અનેક શહેરોમાં કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૩૦૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. જોકે, રાહતની વાત એ છે કે ૧૪.૨ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ભાવમાં થયેલા વધારા બાદ દિલ્હીમાં હવે એક સિલિન્ડરની કિંમત ૩૦૭૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જે અગાઉ ૧ એપ્રિલના રોજ ૨૦૭૮.૫૦ રૂપિયા હતી. આ વધારાની સાથે જ હવે દેશભરમાં રેસ્ટોરન્ટમાં જમવાનું મોંઘું થઈ જશે. રાંધીને ખાવાની વસ્તુઓના ભાવમાં પણ તોતિંગ વધારો આવશે. આ ઉપરાંત સ્ટ્રીટ ફૂડના ભાવ પણ વધી શકે છે. ગેસના ભાવમાં વધારા પાછળ અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ મુખ્ય કારણ માનવામાં આવે છે. હોર્મુઝ સ્ટ્રેટનો રસ્તો બ્લોક હોવાને કારણે ભારત માટે ગેસ અને તેલનો પુરવઠો ખોરવાયો છે. પુરવઠામાં ઘટાડો અને અન્ય સ્થળોએથી આયાત વધારવાને કારણે વધારાની પડતર કિંમતનો બોજ ગ્રાહકો પર આવ્યો છે. કોમર્શિયલ ગેસ મોંઘો થવાને કારણે હોટેલ, રેસ્ટોરન્ટ અને સ્ટ્રીટ ફૂડના ભાવમાં વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે, જેનાથી સામાન્ય જનતાના ખિસ્સા પર ભાર વધશે.

**કોમર્શિયલ ગેસ મોંઘો થવાને કારણે હોટેલ, રેસ્ટોરન્ટ અને સ્ટ્રીટ ફૂડના ભાવમાં વધારો થવાની પૂરેપૂરી શક્યતાઃ શું ભાવ વધારાથી સમસ્યા હલ થશે?**

# ઈન્ડિયન સ્ટેટ વિરુદ્ધના નિવેદન પર દાખલ થયેલી અરજી ફગાવાઈ: રાહુલ ગાંધીને અલ્હાબાદ હાઈકોર્ટની મોટી રાહત

### ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ સંભલની ચંદૌસી કોર્ટ દ્વારા અરજદારની રાહુલ ગાંધી વિરુદ્ધની નિરીક્ષણ અરજી ફગાવી દેવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી,તા.૦૧**

લોકસભામાં વિપક્ષના નેતા અને રાયબરેલીથી કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને અલ્હાબાદ હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટે તેમની વિરુદ્ધ ઈન્ડિયન સ્ટેટ સામે લડાઈવાળા નિવેદન અંગે દાખલ કરવામાં આવેલી અરજી ફગાવી દીધી છે. જસ્ટિસ વિક્રમ ડી. ચૌહાણની સિંગલ બેન્ચે ઓપન કોર્ટમાં આ ચુકાદો સંભળાવ્યો હતો. અરજી ફગાવી દીધા બાદ હવે રાહુલ ગાંધી વિરુદ્ધ ન તો ગુનો નોંધાશે અને ન કેસ ચાલશે.

૮ એપ્રિલના રોજ અલ્હાબાદ હાઈકોર્ટે તમામ પક્ષોની દલીલો પૂર્ણ થયા બાદ ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. અરજદાર સિમરન ગુપ્તાએ રાહુલ ગાંધીના નિવેદનને દેશદ્રોહની કેટેગરીમાં ગણાવીને કેસ નોંધવાની માગ કરી હતી. અરજદાર સિમરન ગુપ્તાએ સંભલ કોર્ટમાંથી અરજી ફગાવી દીધા બાદ આ નિર્ણયને અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ સંભલની ચંદૌસી કોર્ટ દ્વારા અરજદારની રાહુલ ગાંધી વિરુદ્ધની નિરીક્ષણ અરજી ફગાવી દેવામાં આવી હતી.

નોંધનીય છે કે, રાહુલ ગાંધીએ ગયા વર્ષે કોંગ્રેસ મુખ્યાલય 'ઈન્દિરા ભવન'ના ઉદઘાટન દરમિયાન વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. જેમાં તેમણે ભાજપ અને RSSની સાથે સાથે 'ઈન્ડિયન સ્ટેટ' સામે લડવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસની લડાઈ હવે માત્ર





રાજકીય પક્ષો પૂરતી સીમિત નથી રહી. તેમના શબ્દોમાં, "જો તમે એમ વિચારતા હોવ કે આપણે ભાજપ કે RSS જેવા કોઈ રાજકીય સંગઠન સામે લડી રહ્યા છીએ, તો તમે પરિસ્થિતિને સમજી નથી રહ્યા. ભાજપ અને RSSએ દેશની દરેક સંસ્થા પર કબજો જમાવી લીધો છે. હવે આપણી લડાઈ ભાજપ, RSS અને ખુદ 'ઈન્ડિયન સ્ટેટ' સામે છે." તેમણે આગળ સંસ્થાઓની નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, દેશને એ ખબર નથી કે સંસ્થાઓ કામ કરી રહી છે કે નિષ્ક્રિય થઈ ગઈ છે.

મીડિયાની સ્વતંત્રતા પર પણ તેમણે સવાલો ઉભા કર્યા હતા. તેમના આ જ નિવેદનને આધાર બનાવીને સિમરન ગુપ્તાએ અદાલતના દરવાજા ખટખટાવ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે, રાહુલ ગાંધીનું આ નિવેદન દેશની સંપ્રભુતા અને રાજ્યની વિરુદ્ધ છે. એટલું જ નહીં આ દેશદ્રોહની કેટેગરીમાં આવે છે.

ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ કર્યું એલાન

# પરમાણુ-મિસાઈલનું રક્ષણ કરીશું, USને દરિયામાં ધરબીશું: મોજતબા

**યુએસ-ઈરાન વચ્ચે આડકતરી વાટાઘાટોમાં મધ્યસ્થી બનેલા પાકિસ્તાનનો ઉત્સાહ ઘટ્યો, બંને દેશ ફોન પર પણ સીધી વાત કરી લે તો તણાવ ઘટશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દુબઈ, તા.૦૧**

યુએસ-ઈરાન વચ્ચે ત્રણ અઠવાડિયાથી ચાલી રહેલા યુદ્ધ વિરામ વચ્ચે પણ તણાવ સતત વધી રહ્યો છે. ઈરાનના એનરિચ્ડ યુરેનિયમ પર અંકુશ મેળવવા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તલપાપડ છે અને દરેક મંત્રણા આ મુદ્દા પર આવીને અટકી જાય છે. યુએસ સાથે વાટાઘાટોના પ્રયાસોમાં નિષ્ફળતા વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ એલાન કર્યું છે કે, પરમાણુ અને મિસાઈલ ક્ષમતાનું રક્ષણ કરવા ઈરાન કટિબદ્ધ છે. હોર્મુઝની ખાડીમાં અમેરિકાની હાજરી સહેજ પણ સાંખી શકાય તેમ નથી. પર્શિયન અખાતમાં અમેરિકા માટે કોઈ જગ્યા હોય તો તે માત્ર તેના પેટાળમાં જ છે અને અમેરિકન્સને દરિયાના પેટાળમાં પહોંચાડી દેવાશે.

પિતાના મોત બાદ ઈરાનના સર્વોચ્ચ નેતા બન્યા ત્યારથી અયાતોલ્લાહ મોજતબા ખામેનેઈ જાહેરમાં જોવા મળ્યા નથી, પરંતુ તેમના નિવેદનો ક્યારેક પ્રસિદ્ધ થતા રહે છે. તાજેતરના એક નિવેદનમાં મોજતબાએ કહ્યું હતું કે, અમેરિકન્સ માટે પર્શિયન અખાતમાં માત્ર એક જ જગ્યા છે અને તે દરિયાનું પેટાળ છે. પ્રદેશના ઈતિહાસમાં નવો અધ્યાય લખાઈ રહ્યો છે. યુએસ નેવીની નાકાબંધીના કારણે ઈરાનના ઓઈલ ભરેલા ટેન્કર બહાર જઈ શકતા નથી અને અર્થતંત્ર માંદુ બની રહ્યું છે. ઈરાનની ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા ટોચ પર પહોંચી ગઈ છે અને ક્રૂડને દેશની બહાર રવાના ન કરાય તો ઉત્પાદન બંધ કરવાની નોબત આવી છે. જો કે હોર્મુઝની ખાડી પરથી અંકુશ હટાવવા ઈરાન તૈયાર નથી. બ્રેન્ટ ક્રૂડની કિંમતો ૧૨૬ ડોલર પ્રતિ બેરલ પહોંચી છે ત્યારે હોર્મુઝની ખાડીમાંથી નાકાબંધી હટાવવા માટે ટ્રમ્પે ગુરુવારે નવી યોજના બનાવી છે. જે મુજબ, ઈરાનના બંદરોની નાકાબંધી યથાવત રાખવાની સાથે ક્રૂડની ગુપચુપ હેરફેર કરવાના પ્રયાસોને મિત્ર રાષ્ટ્રોની મદદથી નિષ્ફળ બનાવવામાં આવશે. અમેરિકાના મિત્ર ખાડી દેશો માટે હોર્મુઝની ખાડી ન ખુલે તો તકલીફો આવી શકે છે. આ સ્થિતિમાં ઈરાનની ઘેરાબંધી માટેના અન્ય બહુઆયામી રાજદ્વારી અને નીતિ વિષયક પ્રયાસો પણ ટ્રમ્પે વિચાર્યા હોવાનું સૂત્રોએ જણાવ્યુ હતું.

ઈરાન-યુએસ વચ્ચે વધી રહેલા ગજગ્રાહ વચ્ચે પાકિસ્તાનની હાલત કફોડી થઈ છે. બંને દેશ વચ્ચે આડકતરી વાટાઘાટો માટે મધ્યસ્થી બનવાની તૈયારી દર્શાવતા પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે, બંને પક્ષ દ્વારા સીધી વાતચીત થાય તો જ તણાવ ઘટી શકે છે. તેઓ ફોન પર સીધી મંત્રણા માટે તૈયાર થાય તો પણ ઘણો ફરક પડી શકે છે. ઈરાનમાં પર્શિયન ગલ્ફ ડેની ઉજવણી નિમિત્તે ખામેનેઈએ કહ્યું હતું કે, દેશમાં અને દેશ બહાર વસતા ૯૦૦ લાખ ગૌરવશાળી ઈરાનિયનો રાષ્ટ્રીય સંપત્તિ છે અને તેઓ દેશની જમીન, પાણી અને આકાશનું રક્ષણ કરશે.

અમેરિકાને મોટો શેતાન ગણાવતા ખામેનેઈએ કહ્યું હતું કે, હજારો કિમી દૂરથી લાલચ અને બદ ઈરાદા સાથે આવેલા વિદેશીઓ માટે દરિયાના પેટાળ સિવાય ક્યાંય જગ્યા નથી. હોર્મુઝની ખાડી પર ઈરાનના અંકુશથી અખાત વધારે સલામત રહેશે. ખાડી પર ઈરાનના હક અને નવા સંચાલનથી પ્રદેશના તમામ દેશને લાભ થશે. યુદ્ધવિરામની જાહેરાત છતાં ઈઝરાયેલે લેબનોન પર હુમલા ચાલુ રાખ્યા છે. જેમાં ૧૪ લોકોના મોત નીપજ્યા છે અને અનેક લોકોને ઈજા પહોંચી છે. જેબચિટમાં એક રહેણાંક ઈમારત પર હુમલો કરી દેવાતાં એક જ પરિવારના ચાર લોકો મોતને ભેટ્યા હતા.

# મ્યાનમારના નેતા આંગ સાન સૂ કી જેલમુક્ત થયા: જનરલ મિન આંગ હ્લાઈંગ બન્યા નવા રાષ્ટ્રપતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મ્યાનમાર, તા.૦૧**

મ્યાનમારના સૈન્ય શાસને સ્ટેટ કાઉન્સિલર આંગ સાન સૂ કીને જેલમાંથી મુક્ત કરીને હવે નજરકેદ (હાઉસ અરેસ્ટ)માં રાખવાનો નિર્ણય કર્યો છે. મ્યાનમારના માહિતી મંત્રાલયે આ અંગે સ્પષ્ટતા કરી છે કે, નૈપિતાવ જેલમાં સજા કાપી રહેલા ૮૦ વર્ષીય સૂ કીની બાકીની સજાને હવે નજરકેદમાં ફેરવવામાં આવી છે.

૮૦ વર્ષની વયે તેમની નબળી શારીરિક સ્થિતિ અને બૌદ્ધ ધર્મના પવિત્ર દિવસ ‘કસૌન પૂર્ણિમા’ને ધ્યાનમાં રાખીને માનવતાના ધોરણે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું મંત્રાલયે જણાવ્યું છે.

મ્યાનમારના રાજકારણમાં આ મહત્ત્વપૂર્ણ ફેરફાર એવા સમયે થયો છે જ્યારે સૈન્ય બળવાનું નેતૃત્વ કરનાર જનરલ મિન આંગ હ્લાઈંગને સંસદ દ્વારા હવે નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા છે. વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત કરવા અને દેશમાં સામાજિક શાંતિ સ્થાપવા માટે તેમણે લોકોને સામાન્ય માફી આપવાની ખાતરી આપી હતી. આ પ્રક્રિયાના ભાગરૂપે અગાઉ ૧૭ એપ્રિલના રોજ પૂર્વ રાષ્ટ્રપતિ વિન મ્યિંટને પણ અન્ય ૪૩૦૦થી વધુ રાજકીય કેદીઓ સાથે જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

મ્યાનમાર હાલમાં અત્યંત નબળી અર્થવ્યવસ્થા, વિનાશક ભૂકંપના પરિણામો અને આંતરિક વંશીય વિદ્રોહનો સામનો કરી રહ્યું છે. સૈન્ય શાસને વર્ષ ૨૦૨૧માં તખ્તાપલટ કરીને ચૂંટાયેલી સરકારને હટાવી દીધી હતી. સૂ કી પર અનેક ગંભીર આરોપો લગાવીને તેમને કુલ ૩૩ વર્ષની સજા ફટકારવામાં આવી હતી, જે પાછળથી ઘટાડીને ૨૨ વર્ષ અને ૬ મહિના કરવામાં આવી હતી.

આંગ સાન સૂ કી મ્યાનમારના સ્વાતંત્ર્ય સેનાની આંગ સાનના પુત્રી છે અને તેમણે ભારતની લેડી શ્રીરામ કોલેજમાંથી અભ્યાસ કર્યો છે. ૧૯૮૮માં મ્યાનમાર પરત ફર્યા બાદ તેઓ લોકશાહી આંદોલનનો મુખ્ય ચહેરો બન્યા હતા. બ્રિટિશ નાગરિક સાથે લગ્ન કરવાના કારણે સેનાએ તેમને રાષ્ટ્રપતિ બનતા અટકાવ્યા હતા, જેથી તેમની પાર્ટીએ તેમને ‘સ્ટેટ કાઉન્સેલર’ બનાવીને સરકારના વાસ્તવિક વડા બનાવ્યા હતા. મ્યાનમારમાં ૧૯૬૨ પછી મોટાભાગે સૈન્ય શાસન રહ્યું છે, જેમાં સૂ કીએ જીવનનો લાંબો સમય જેલ અથવા નજરકેદમાં વિતાવ્યો છે.

## સ્પોર્ટ્સ ન્યૂઝ

શ્રીલંકા ક્રિકેટ જગતમાંથી સામે આવી એક શરમજનક ઘટના

# હોટેલના બાથરૂમમાં મહિલા ખેલાડીઓનો વીડિયો બનાવ્યો

**આ ઘટના એવા સમયે બની છે જ્યારે શ્રીલંકા ક્રિકેટ બોર્ડ પોતે આંતરિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલંબો, તા.૦૧ :** શ્રીલંકા ક્રિકેટ જગતમાંથી એક શરમજનક ઘટના સામે આવી છે, જેમાં અંડર-૧૯ મેન્સ ટીમના બે ખેલાડીઓએ અભદ્રતાની તમામ હદો પાર કરી દીધી છે. આ બંને યુવા ક્રિકેટરો પર હોટલના બાથરૂમમાં મહિલા ખેલાડીઓનો વાંધાજનક વીડિયો બનાવવાનો ગંભીર આરોપ લાગ્યો છે. કોલંબોની એક હોટલમાં રોકાયેલી મહિલા ખેલાડીઓએ ફરિયાદ કરી હતી કે બાથરૂમમાં મોબાઈલ ફોન દ્વારા તેમનો વીડિયો ઉતારવામાં આવ્યો છે. આ ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી કરતા ચાલુ સપ્તાહની શરૂઆતમાં બંને ક્રિકેટરોની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ ખેલાડીઓને અલુથકાડે મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે બંને ખેલાડીઓને ૫ લાખ શ્રીલંકન રૂપિયાના જામીન પર મુક્ત કર્યા છે. પોલીસ હાલ એ દિશામાં તપાસ કરી રહી છે કે શું આ વીડિયો સોશિયલ મીડિયા કે અન્ય કોઈ પ્લેટફોર્મ પર ઓનલાઈન શેર કરવામાં આવ્યા છે કે નહીં. આ કેસની આગામી સુનાવણી ૨૫મી મેના રોજ હાથ ધરવામાં આવશે.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે શ્રીલંકા ક્રિકેટ બોર્ડ (SLC) પોતે આંતરિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. છેલ્લા ૪૮ કલાકમાં બોર્ડમાં મોટી ઉથલપાથલ જોવા મળી છે. સરકારી દબાણને કારણે SLCના વડા અને અન્ય સભ્યોએ સામૂહિક રાજીનામું આપ્યું છે. જૂના અધિકારીઓને દૂર કરી મામલો ઉકેલવા માટે એક ‘પરિવર્તન સમિતિ’ની રચના કરવામાં આવી છે. બોર્ડ દ્વારા હજુ સુધી આ ખેલાડીઓ સામે કોઈ સત્તાવાર શિસ્તભંગના પગલાંની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ ભવિષ્યમાં કડક કાર્યવાહી થવાની સંભાવના છે.

શ્રીલંકન ક્રિકેટ છેલ્લા ઘણાં સમયથી વિવાદો અને ખરાબ પ્રદર્શન સામે ઝઝૂમી રહ્યું છે. એક તરફ મુખ્ય ટીમોનું પ્રદર્શન નબળું રહ્યું છે, તો બીજી તરફ બોર્ડ અને ખેલાડીઓ વચ્ચે IPL માટે NOC આપવા જેવા મુદ્દે પણ મતભેદો ચાલી રહ્યા છે. અંડર-૧૯ સ્તરે બનેલી આ ઘટનાએ શ્રીલંકન ક્રિકેટની છબીને વધુ નુકસાન પહોંચાડ્યું છે. નવી રચાયેલી સમિતિ આ શરમજનક ઘટના અને બોર્ડના અન્ય પડકારોનો કેવી રીતે સામનો કરે છે તેના પર સૌની નજર રહેશે.

EOI પ્રોફાઈલ માટે ૧૨ મહિનાની સમય મર્યાદા

# કેનેડાના PR નિયમોમાં મોટા ફેરફારથી ભારતીયો પર મોટી અસર

**હવે EOI પ્રોફાઇલ માત્ર ૧૨ મહિના માન્ય, જૂની અરજી ઓટોમેટિક બંધ થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નોવા સ્કોટિયા, તા.૦૧**

કેનેડાના નોવા સ્કોટિયા પ્રાંતે પોતાના ઈમિગ્રેશન સિસ્ટમમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કરતા PR પ્રક્રિયા સાથે જોડાયેલા ઉમેદવારો માટે નવા નિયમો લાગુ કર્યા છે. એનાથી ભારતીયો પર મોટી અસર જોવા મળશે. નોવા સ્કોટિયા નોમિની પ્રોગ્રામ (NSNP) હેઠળ હવે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) પ્રોફાઈલ અનિશ્ચિત સમય સુધી માન્ય નહીં રહે, પરંતુ તેની માટે નિશ્ચિત સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. એટલે કે હવે PR મળવાના ચાન્સ પહેલાં કરતાં ઓછા થઈ ગયા છે.

નોવા સ્કોટિયા પ્રાંત દ્વારા ૨૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલા અપડેટ મુજબ, ૧ મે ૨૦૨૬થી દાખલ કરવામાં આવતી તમામ નવી EOI પ્રોફાઈલ માત્ર ૧૨ મહિના સુધી જ માન્ય રહેશે. તેનો અર્થ એ છે કે જો કોઈ ઉમેદવારને એક વર્ષની અંદર પસંદ કરવામાં નહીં આવે, તો તેની પ્રોફાઈલ આપમેળે સમાપ્ત થઈ જશે અને તેને ફરીથી નવી EOI દાખલ કરવી પડશે. અગાઉ ઉમેદવારોની પ્રોફાઈલ સમય મર્યાદા વગર પૂલમાં રહી શકતી હતી, જેના કારણે ઘણા જૂની ફાઈલને પણ ચાન્સ મળતો હતો.

જાણવા જેવી વાત એ છે કે PR માટે પહેલા ઉમેદવારની EOI પ્રોફાઈલ બનાવવામાં આવે છે. ત્યારબાદ સ્કોર, શિક્ષણ સહિતના તમામ માપદંડ પૂર્ણ થયા પછી સરકાર તરફથી PR માટે આમંત્રણ મળે છે. ત્યાર પછી ઉમેદવાર આમંત્રણ સ્વીકારીને તમામ જરૂરી દસ્તાવેજો મોકલે છે.

નવા નિયમો સાથે સરકારે પહેલાથી હાજર પ્રોફાઈલ માટે પણ નવી વ્યવસ્થા નક્કી કરી છે. જેમણે ૧ મે ૨૦૨૪ પહેલાં પોતાની EOI દાખલ કરી હતી, તેમની તમામ પ્રોફાઈલ ૧ મે ૨૦૨૬ના રોજ બંધ કરી દેવામાં આવશે. જોકે તેમણે સ્પષ્ટ કર્યું છે કે પ્રોફાઈલ બંધ થવું એ અરજી નકારી કાઢવામાં આવી હોવાના સમાન નથી. જો આવા ઉમેદવારો પસંદગી પ્રક્રિયામાં રહેવા માંગતા હોય, તો તેમને નવી લાયકાત મુજબ ફરીથી EOI દાખલ કરવી પડશે.

જેઓએ ૧ મે ૨૦૨૪થી ૩૦ એપ્રિલ ૨૦૨૬ વચ્ચે EOI દાખલ કરી છે, તેમને થોડી રાહત આપવામાં આવી છે. આવી પ્રોફાઈલ ૩૦ એપ્રિલ ૨૦૨૭ સુધી માન્ય રહેશે. આ સમયગાળા દરમિયાન જો તેઓ પસંદ થાય છે તો તેઓ આગળની પ્રક્રિયામાં જોડાઈ શકે છે, પરંતુ જો સમયસર પસંદગી નહીં થાય તો તેમને નવી પ્રોફાઈલ બનાવવી પડશે.

સરકારનું કહેવું છે કે આ ફેરફાર માત્ર ટેક્નિકલ નથી, પરંતુ ઈમિગ્રેશન સિસ્ટમને વધુ અસરકારક અને આધુનિક બનાવવા તરફ એક મોટું પગલું છે. નોવા સ્કોટિયા હવે એવા ઉમેદવારોને પ્રાથમિકતા આપશે જેમની માહિતી અપડેટેડ હોય અને જે વર્તમાન માર્કેટની જરૂરિયાતોને અનુરૂપ હોય. લાંબા સમયથી નિષ્ક્રિય રહેલી પ્રોફાઈલ્સ પસંદગી પ્રક્રિયાને ધીમી બનાવતી હતી અને યોગ્ય ઉમેદવારો સુધી પહોંચવામાં પણ અડચણરૂપ બનતી હતી.

એક્સપર્ટ્સનું માનવું છે કે, આ નિર્ણય કેનેડાના અન્ય પ્રાંતોની નીતિઓ સાથે સુસંગત છે, જ્યાં પહેલાથી જ EOIની માન્યતા ૬ થી ૧૨ મહિના વચ્ચે નક્કી કરવામાં આવી છે. નોવા સ્કોટિયાનું આ પગલું એક વ્યાપક પ્રવૃત્તિનો ભાગ માનવામાં આવે છે, જેમાં ઈમિગ્રેશન સિસ્ટમને વધુ પારદર્શક, ઝડપી અને જરૂરિયાતોને અનુરૂપ બનાવવામાં ભાર મુકવામાં આવ્યો છે.આ અપડેટ ત્યારે આવ્યું છે જ્યારે નોવા સ્કોટિયાએ તાજેતરમાં પોતાના ઈમિગ્રેશન સિસ્ટમમાં પણ ફેરફાર કર્યા છે. તેમણે પોતાની ૧૦ અલગ અલગ કેટેગરીને ઘટાડીને માત્ર ચાર મુખ્ય કેટેગરીમાં સમાવી દીધી છે, જેથી પ્રક્રિયા સરળ અને ઝડપી બની શકે. આવા સંજોગોમાં EOI માટે સમય મર્યાદા નક્કી કરવું એ આગળનું મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

કેનેડામાં PR મેળવવા ઈચ્છુક ઉમેદવારો માટે જરૂરી છે કે તેઓ પોતાની પ્રોફાઈલને સમયાંતરે અપડેટ કરતા રહે અને સક્રિય રહે, કારણ કે લાંબા સમય સુધી રાહ જોવાની જૂની પદ્ધતિ હવે ધીમે ધીમે સમાપ્ત થઈ રહી છે. આથી તેમણે સતત માહિતગાર રહેવું પડશે.

આ પહેલાં કેનેડાના ઓન્ટારિયો સરકારે અચાનક પોતાનો Skilled Trades Stream બંધ કરી દીધો હતો. સાથે જ આ પ્રોગ્રામ હેઠળ દાખલ કરાયેલ તમામ અરજીઓ પાછી મોકલી દેવામાં આવી હતી. આ અરજીઓ છેલ્લા દોઢથી બે વર્ષથી પેન્ડિંગ હતી. જોકે સરકારનું કહેવું હતું કે ઠગાઈના કેસો સામે આવ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું હતું, જેના કારણે મોટા પાયે વિરોધ પ્રદર્શન પણ થયા હતા.

# EVM મુદ્દે બબાલ બાદ TMCનો હુંકાર : ‘ચૂંટણી પંચ અને ભાજપ જાણતા નથી કે કોનાથી ટક્કર લઈ રહ્યા છે’

**ટીએમસી નેતાઓ અને કાર્યકર્તાઓએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ સ્ટેડિયમ સ્થિત કાઉન્ટિંગ સેન્ટરની બહાર ધરણા શરૂ કરી દેતા હોબાળો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકત્તા, તા.૦૧**

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી સંપન્ન થયા બાદ રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચી ગયો છે. એક્ઝિટ પોલના પરિણામો જાહેર થયા પછી રાજ્યમાં ઠેર-ઠેર હિંસા અને ઘર્ષણના બનાવો સામે આવી રહ્યા છે. ખાસ કરીને ભાજપના એક પોલિંગ એજન્ટના ઘર પર હુમલા અને મારપીટના આરોપો બાદ હવે તૃણમૂલ કોંગ્રેસ(TMC)એ EVM સાથે છેડછાડનો ગંભીર આરોપ લગાવી મોરચો ખોલ્યો છે.

TMC નેતાઓ અને કાર્યકર્તાઓએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ સ્ટેડિયમ સ્થિત કાઉન્ટિંગ સેન્ટરની બહાર ધરણા શરૂ કરી દીધા છે, જેના કારણે સ્થિતિ તણાવપૂર્ણ બની છે. TMCનો આરોપ છે કે મધરાતે સ્ટ્રોન્ગ રૂમની સીલ તોડવામાં આવી હતી અને EVM સાથે છેડછાડનો પ્રયાસ થયો હતો. આ વિવાદ વધતા મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે પણ મેદાનમાં ઉતર્યા હતા. તેઓ અડધી રાત્રે ભવાનીપુર અને શેખાવત મેમોરિયલ સ્કૂલ ખાતેના કાઉન્ટિંગ સેન્ટર પર પહોંચી ગયા હતા અને લગભગ 4 કલાક સુધી જાતે જ EVMની રખવાળી કરી હતી. બીજી તરફ, ભાજપના કાર્યકર્તાઓએ મમતા બેનર્જીની કાઉન્ટિંગ સેન્ટરમાં હાજરી સામે સવાલ ઉઠાવતા તેને ગેરબંધારણીય ગણાવી હતી, જેના કારણે બંને પક્ષોના કાર્યકર્તાઓ સામસામે આવી ગયા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે કાઉન્ટિંગ સેન્ટરની બહાર મોટી સંખ્યામાં સુરક્ષબળો તહેનાત કરી દેવામાં આવ્યા છે.

સોશિયલ મીડિયા પર આક્રમક વલણ અપનાવતા TMCએ જણાવ્યું કે, ‘ભાજપ અને સમજૂતી કરી ચૂકેલા ચૂંટણી પંચને ખબર નથી કે તેઓ કોની સામે ટક્કર લઈ રહ્યા છે.’ પાર્ટીએ આરોપ લગાવ્યો કે બહારના રાજયોના લોકોને લાવીને માહોલ બગાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

TMC નેતા શશી પાંજા અને કુણાલ ઘોષે ધરણા પર બેસીને આક્ષેપ કર્યો કે CCTV ફૂટેજમાં ભાજપના લોકો ચૂંટણી પંચની મિલીભગતથી બેલેટ બોક્સ ખોલતા દેખાઈ રહ્યા છે, જે લોકશાહીની હત્યા સમાન છે. મમતા બેનર્જીએ પણ દાવો કર્યો કે તેમને શરૂઆતમાં કેન્દ્રીય દળોએ અંદર જતા રોક્યા હતા, જ્યારે નિયમ મુજબ ઉમેદવાર કે એજન્ટ સીલ્ડ રૂમની બહાર સુધી જઈ શકે છે. ચૂંટણી પંચે આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. ઉત્તર કોલકાતાના જિલ્લા ચૂંટણી અધિકારી સ્મિતા પાંડેએ સ્પષ્ટતા કરી કે સ્ટ્રોન્ગ રૂમમાં કોઈ ગેરરીતિ થઈ નથી. મધરાતે જે પ્રક્રિયા ચાલી રહી હતી તે પોસ્ટલ બેલેટને અલગ કરવાની એક કાયદેસરની પ્રક્રિયા હતી, જેના વિશે તમામ રાજકીય પક્ષોને અગાઉથી જાણ કરવામાં આવી હતી. ચૂંટણી પંચે જણાવ્યું કે, EVM માટેનો સ્ટ્રોન્ગ રૂમ અલગ છે અને તે સંપૂર્ણપણે સુરક્ષિત તથા સીલ કરેલો છે. હાલમાં સમગ્ર બંગાળમાં ભારે અફરાતફરી અને તણાવનો માહોલ જોવા મળી રહ્યો છે.

## યુપીમાં જાનમાં વાગતા ડીજેના અવાજથી ૧૪૦ મરઘીનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુલતાનપુર, તા.૦૧**

ઉત્તર પ્રદેશના સુલતાનપુર જિલ્લામાં એક અજીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં પોલ્ટ્રી ફોર્મના માલિકે પોલીસ ફરિયાદ નોંધાવી છે. દરિયાપુર ગામમાં પોલ્ટ્રી ફાર્મ ધરાવતા માલિકનો આરોપ છે કે, ગામમાં યોજાયેલા એક લગ્ન પ્રસંગમાં ખૂબ જ ઊંચા અવાજમાં ડીજે વાગતું હોવાને કારણે તેમની ૧૪૦ મરઘાના મોત થયા છે. આ ઘટનાની પોલીસે તપાસ શરુ કરી છે.

બલ્દીરામ પોલીસ સ્ટેશનમાં થયેલી ફરિયાદ પ્રમાણે બબ્બન વિશ્વકર્માની દીકરીના લગ્ન હતા. જાન આવી ત્યારે તીવ્ર અવાજે ડીજે વાગતું હતું. લગ્નસ્થળની નજીક જ શાબિરનું પોલ્ટ્રી ફાર્મ હતું. અવાજની તીવ્રતા અસહ્ય હોવાથી શાબિરે અવાજ ધીમો કરવાની વિનંતી કરી, પરંતુ જાનૈયાઓએ અને ડીજેવાળાએ ઝઘડો કર્યો. ફરિયાદીએ દાવો કર્યો કે અસહ્ય તીવ્ર અવાજથી મરઘીઓ ભય પામી ગઈ હતી અને અવાજ સહન ન થતાં ફફડીને મરી ગઈ. તેના પોલ્ટ્રી ફાર્મમાં એક-બે કે પાંચ-પચ્ચીસ નહીં, પરંતુ ૧૪૦ મરઘીનાં મોત થઈ ગયા હતા. શાબિરના દાવા પછી પોલીસે ડીજે સંચાલક કવિ યાદવ સામે ફરિયાદ દાખલ કરીને તપાસ હાથ ધરી છે. ફરિયાદીએ વળતરની માગણી કરી છે. નિષ્ણાતોએ એવો મત વ્યક્ત કર્યો હતો કે ખૂબ જ તીવ્ર અવાજથી પક્ષીઓ અને પ્રાણીઓ પર ગંભીર અસર થાય છે. પશુ-પક્ષીઓ ખૂબ ઊંચા અવાજથી ગભરાટમાં આવે છે અને તેમને હૃદયાઘાત લાગે છે. પોલીસે મરઘીના સેમ્પલ લઈને આગળની તપાસ શરૂ કરી છે.

## યુપીમાં બે દિવસમાં વરસાદ અને વીજળી પડતા ૨૪ના કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઉત્તર પ્રદેશ, તા.૦૧**

ઉત્તર પ્રદેશમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા ભારે વરસાદ, ફૂંકાયેલા તોફાની પવન અને આકાશી વીજળી પડવાની ઘટનાઓએ ભારે વિનાશ વેર્યો છે. આ કુદરતી આપત્તિમાં અત્યાર સુધીમાં ૨૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે ૧૫ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઉપરાંત, ૧૬ પશુઓના પણ મોત નીપજ્યા હોવાના અહેવાલ છે.

રાજ્યના અનેક જિલ્લાઓમાં તેજ ગતિએ પવન ફૂંકાવાને કારણે અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા છે અને વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. ખેતરોમાં કામ કરી રહેલા ખેડૂતો અને કાચા મકાનોમાં રહેતા પરિવારો આ આફતનો સૌથી વધુ ભોગ બન્યા છે. અનેક વિસ્તારોમાં જળભરાવની સમસ્યાને કારણે જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ઘટના પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. તેમણે અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે મૃતકોના પરિજનોને ૨૪ કલાકની અંદર વળતરની ચુકવણી કરવામાં આવે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં શ્રેષ્ઠ સારવાર પૂરી પાડવામાં આવે. રાહત અને બચાવ કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી કેટલાક દિવસો સુધી રાજ્યના અનેક જિલ્લાઓમાં હજુ પણ ભારે વરસાદ, તેજ આંધી અને વીજળી પડવાની શક્યતા છે. વહીવટીતંત્ર દ્વારા સમગ્ર પ્રદેશમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને લોકોને ખરાબ હવામાન દરમિયાન ખુલ્લા મેદાનો, ખેતરો કે વૃક્ષો નીચે ન જવા અપીલ કરવામાં આવી છે.

# બાગમને પ્રાઈમ ઓફિસ REITનો રૂ. ૩,૪૦૫ કરોડનો આઈપીઓ મંગળવાર, ૦૫ મે, ૨૦૨૬ના રોજ ખુલશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**અમદાવાદ, તા.૦૧**




બિઝનેસ પાર્ક્સ ધરાવતી બેંગલુરુ સ્થિત કમર્શિયલ ઓફિસ REIT બાગમને પ્રાઈમ ઓફિસ REIT (“REIT”) એ તેના આઈપીઓ માટે પ્રતિ યુનિટ રૂ.૯૫ થી રૂ.૧૦૦નો પ્રાઈસ બેન્ડ નક્કી કર્યો છે.

બિડ/ઓફર મંગળવાર, ૦૫ મે, ૨૦૨૬ના રોજ ખુલશે અને ગુરૂવાર, ૦૭ મે, ૨૦૨૬ના રોજ બંધ થશે. એન્કર અને સ્ટ્રેટેજિક ઈન્વેસ્ટર્સ સિવાયના રોકાણકારો માટે ઓછામાં ઓછા ૧૫૦ યુનિટ અને ત્યારબાદ ૧૫૦ યુનિટના ગુણાકારમાં બિડ કરી શકાય છે.

આ આઈપીઓમાં REIT દ્વારા રૂ.૨,૩૯૦ કરોડ સુધીના નવા યુનિટ્સ ઈશ્યૂ કરવાનો અને BREP Asia III India Holding Co VIII Pte. Ltd. (બ્લેકસ્ટોન સાથે સંકળાયેલી કંપની) દ્વારા રૂ.૧,૦૧૫ કરોડ સુધીના યુનિટ્સના વેચાણ માટેની ઓફર Issue, the નો સમાવેશ થાય છે. ફ્રેશ ઈશ્યૂમાંથી મળનાર પ્રાથમિક રકમનો આંશિક ઉપયોગ બાગમને કેપિટલ ટેક પાર્કમાં આવેલ Luxor નામના ૧૦ લાખ ચોરસ ફૂટ વિસ્તારની તૈયાર થઈ ચૂકેલી પ્રીમિયમ એસેટની હિસ્સેદારી ખરીદી માટે થશે તેમજ બાગમને રિયો બિઝનેસ પાર્કમાં ૯૩ ટકા હિસ્સેદારી મેળવવા માટે ફંડનો કેટલોક હિસ્સો વપરાશે.

REITના સ્પોન્સર બાગમને રિયલ્ટી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલએલપી (બાગમને ગ્રુપની હોલ્ડિંગ સંસ્થા) ભારતના અગ્રણી અને બેંગાલુરુના સૌથી મોટા પ્યોર પ્લે ગ્રેડ A+ ઓફિસ ઓનર અને ડેવલપરમાં સ્થાન ધરાવે છે. એક્સિસ ટ્રસ્ટી સર્વિસેસ લિમિટેડ ટ્રસ્ટી છે અને બાગમને રિયલ્ટી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર પ્રાઈવેટ લિમિટેડ REIT ના મેનેજર તરીકે કામગીરી કરે છે.

REITના પોર્ટફોલિયોમાં ૬ પ્રીમિયમ ગ્રેડ A+ બિઝનેસ પાર્ક્સનો સમાવેશ થાય છે, જેનો કુલ વિસ્તાર ૨૦.૩ મિલિયન ચોરસ ફૂટ છે અને વિશ્વના શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા માઈક્રો-માર્કેટ્સમાં આવેલ છે (કેલેન્ડર વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન નેટ એબ્ઝોર્પ્શનના આધારે). આ પોર્ટફોલિયોમાં ૧૯.૬ મિલિયન ચોરસ ફૂટ વિસ્તાર લીઝ માટે ઉપલબ્ધ છે, જેમાંથી ૧૬.૬ મિલિયન ચોરસ ફૂટ પૂર્ણ થયેલો વિસ્તારનો સમાવેશ થાય છે, જે લગભગ ૯૯ ટકા સુધી ભરાયેલો છે, જે લિસ્ટિંગ પછી ભારતીય REITમાં સૌથી વધુ ઓક્યુપન્સી છે.

જેએમ ફાઈનાન્સિયલ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ, 360 ONE WAM Limited અને એચડીએફસી બેંક લિમિટેડ આ ઓફરના લીડ મેનેજર્સ છે. Kfin ટેક્નોલોજીસ લિમિટેડ આ ઓફરના રજિસ્ટ્રાર છે. યુનિટ્સને બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની યોજના છે.

# નેપાળમાં બાલેન શાહનો માસ્ટરસ્ટ્રોક : PM, CM, મંત્રી, નેતા કે અધિકારી...તમામની સંપત્તિ તપાસાશે

**બે અઠવાડિયા અગાઉ રચાયેલા આ સમિતિનો કાર્યાદેશ ગુરુવારે રાત્રે રાજપત્ર પર નોટિફાઈ કરવામાં આવ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૦૧**

નેપાળની બાલેન શાહ સરકારે ભ્રષ્ટાચારીઓ સામે અત્યાર સુધીનો સૌથી મોટો પ્રહાર કરતા 'સંપત્તિ તપાસ પંચ'ની રચના કરી છે. આ પંચ દ્વારા વર્તમાન અને પૂર્વ વડાપ્રધાન, મંત્રીઓ, સાંસદો અને ઉચ્ચ સરકારી અધિકારીઓની સંપત્તિની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ રાજેન્દ્ર કુમાર ભંડારીના અધ્યક્ષપદ હેઠળ પાંચ સભ્યોના પંચની રચના કરવામાં આવી છે. પંચે શુક્રવારથી વિધિવત કામગીરી શરૂ કરી દીધી છે. આ પંચનો કાર્યકાળ એક વર્ષનો રહેશે અને તે તબક્કાવાર રીતે પોતાનો રિપોર્ટ સોંપશે. નેપાળ સરકાર તરફથી રચાયેલી સમિતિએ શુક્રવારથી કામ કરવાની શરૂઆત કરી દીધી છે. બે અઠવાડિયા અગાઉ રચાયેલા આ સમિતિનો કાર્યાદેશ ગુરુવારે રાત્રે રાજપત્ર પર નોટિફાઈ કરવામાં આવ્યો હતો.

સરકારી આદેશ અનુસાર, જાહેર પદ પર રહેલા અથવા નિવૃત્ત અધિકારીઓ અને તેમના પરિવારના નામે દેશ-વિદેશમાં રહેલી સંપત્તિની તપાસ થશે.

રાજકીય નેતાઓ: પૂર્વ પીએમ કેપી શર્મા ઓલી, શેર બહાદુર દેઉબા, પુષ્પકમલ દહાલ 'પ્રચંડ', બાબુરામ ભટ્ટરાઈ અને ઝલનાથ ખનાલ સહિત તમામ પૂર્વ વડાપ્રધાનો, મંત્રીઓ અને સાંસદો.

અધિકારીઓ: મુખ્ય સચિવથી લઈ સહ-સચિવ સુધીના ઉચ્ચ અધિકારીઓ, પોલીસ, ઈન્ટેલિજન્સ બ્યુરો અને વિદેશી દૂતાવાસોના વડાઓ.

સંસ્થાઓ: નેપાળ રાષ્ટ્ર બેંકના ગવર્નર, સરકારી બેંકો, યુનિવર્સિટીઓ અને જાહેર સંસ્થાઓના ઉચ્ચ હોદ્દેદારો.

પ્રદેશ સ્તર: રાજ્યપાલ, મુખ્યમંત્રી, મંત્રીઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વડાઓ.

રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના હોદ્દાને આ યાદીમાંથી બહાર રખાયા છે, પરંતુ તેમના સચિવાલયના અધિકારીઓની તપાસ થશે. સેનાના હાલના અધિકારીઓને બહાર રખાયા છે, પણ નિવૃત્ત સૈન્ય અધિકારીઓની તપાસ થશે. વર્તમાન ન્યાયાધીશોને બાકાત રાખી તમામ નિવૃત્ત જજોની સંપત્તિની તપાસ કરવામાં આવશે.

૧. પ્રથમ તબક્કો: વર્ષ ૨૦૦૬ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન પદ પર રહેલા વર્તમાન પીએમ, મંત્રીઓ અને સાંસદોની તપાસ થશે.

૨. બીજો તબક્કો: ત્યારબાદ ૨૦૦૬ પછીની સરકારોના પૂર્વ વડાપ્રધાનો અને હોદ્દેદારોની તપાસ થશે.

૩. ત્રીજો તબક્કો: અંતે ૧૯૮૮ થી ૨૦૦૮ સુધી જાહેર પદ પર રહેલી વ્યક્તિઓની તપાસ કરાશે.

આ પંચની પારદર્શિતા જાળવવા માટે પંચના હોદ્દેદારો અને કર્મચારીઓએ પણ તેમની નિમણૂકના ૭ દિવસમાં સંપત્તિની વિગતો વડાપ્રધાન કાર્યાલયમાં જમા કરાવવી પડશે, જે જાહેર કરવામાં આવશે. પંચ કોઈ પણ સામાન્ય નાગરિક પાસેથી લેખિત, મૌખિક કે સોશિયલ મીડિયા દ્વારા ફરિયાદો સ્વીકારી શકશે.

વિગતોનું એકત્રીકરણ: તપાસ દરમિયાન આયોગ સૌથી પહેલા સંપત્તિની તમામ વિગતો એકઠી કરશે.

સ્રોતનું વિશ્લેષણ: ત્યારબાદ તે સંપત્તિની કાયદેસરતા, તેના આવકના સ્રોત અને તેમાં થયેલા વધારાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવશે.

અસામાન્ય વધારો: જો સંપત્તિમાં અસામાન્ય રીતે મોટો વધારો જોવા મળશે, તો તેની વધુ સઘન તપાસ હાથ ધરવામાં આવશે.

શંકાસ્પદ વ્યક્તિઓ: ખાસ કરીને એવા વ્યક્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે જેમના પર ભૂતકાળમાં ભ્રષ્ટાચાર, વચેટિયાગીરી, શિસ્તભંગની કાર્યવાહી કે અન્ય ફરિયાદો થયેલી હોય.

ઉચ્ચ અગ્રતા ધરાવતા વિભાગો: ટેક્સ, જમીન અને ટ્રાફિક જેવા વિભાગો, જે સીધા જ જનતા સાથે સંકળાયેલા છે, તેમને તપાસમાં ઉચ્ચ અગ્રતા આપવામાં આવી છે.

કાયદેસરની કાર્યવાહી: જો તપાસમાં ગેરકાયદેસર સંપત્તિની પુષ્ટિ થશે, તો સંબંધિત સંસ્થાને કાયદેસરની કાર્યવાહી કરવા માટે ભલામણ કરવામાં આવશે.

તબક્કાવાર રિપોર્ટ: આયોગ આ વખતે તબક્કાવાર રિપોર્ટ રજૂ કરશે. કોઈપણ એક વ્યક્તિની તપાસ પૂર્ણ થતાની સાથે જ સરકારને તેની ભલામણ મોકલી દેવામાં આવશે.

સમયમર્યાદા: સરકારને આ ભલામણ મળ્યાના ૪૫ દિવસની અંદર કાર્યવાહી શરૂ કરવાની રહેશે.

ફરિયાદના માધ્યમો: આયોગ લેખિત, મૌખિક, ડિજિટલ અને સોશિયલ મીડિયાના માધ્યમથી ફરિયાદો સ્વીકારશે.

ગુપ્તતા: શરૂઆતમાં આયોગ ૩૦ દિવસની સમયમર્યાદા સાથે ફરિયાદો મંગાવશે, જેમાં ફરિયાદ કરનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય સહયોગ: વિદેશમાં છુપાવેલી સંપત્તિની તપાસ માટે આયોગ રાજદ્વારી મિશન, ઈન્ટરપોલ અને અન્ય એજન્સીઓની પણ મદદ લઈ શકશે.

*ઈરાન પર ફરી મોટા હુમલાની તૈયારી?*

# અમેરિકાએ ૨૪ કલાકમાં ઈઝરાયલ મોકલ્યા ૬૫૦૦ ટન વિસ્ફોટક

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૧**

અમેરિકા-ઈરાન વચ્ચે ફરી મહાયુદ્ધ થવાના ભણકારા વાગી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર હુમલા કરવાની તૈયારીમાં હોવાની વિગતો સામે આવી છે. રિપોર્ટ મુજબ, અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના કમાન્ડર બ્રેડ કૂપર અને જોઈન્ટ ચીફના ચેરમેને ટ્રમ્પ સાથે લગભગ ૪૫ મિનિટ સુધી વાતચીત કરી છે, જેમાં ઈરાન પર હુમલા માટે ત્રણ યોજના તૈયાર હોવાની ટ્રમ્પને માહિતી આપી છે, તેવો એક્સિઓસે દાવો કર્યો છે.

અમેરિકન સૈન્યના ટોચના અધિકારીઓ અને ટ્રમ્પ વચ્ચેની બેઠક બાદ ઈરાન પર ભયાનક હુમલાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

એટલું જ નહીં, 'ધ ઈઝરાયલ ટાઈમ્સ' અને 'ધ જેરુસલેમ પોસ્ટે'ના રિપોર્ટના દાવા મુજબ અમેરિકાએ માત્ર ૨૪ કલાકમાં ઈઝરાયેલને આશરે ૬,૫૦૦ ટન દારૂગોળો અને સૈન્ય સાધન-સામગ્રી મોકલી છે. આનાથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, ટ્રમ્પ ગંભીર યોજના બનાવીને ઈરાન સાથેનો વિવાદ ખતમ કરવા મથી રહ્યા છે. જ્યારથી યુદ્ધ શરૂ થયું, ત્યારથી અમેરિકન સેન્ટ્રલ કમાન્ડને મધ્ય-પૂર્વમાં સૈન્ય અભિયાનો પુરા કરવાની કામગીરી સોંપાઈ છે અને તેઓએ જ ઈરાનના પોર્ટ પર નાકાબંધી કરીને રાખી છે.

દાવામાં ઈઝરાયલી સંરક્ષણ મંત્રાલયને ટાંકીને કહેવાયું છે કે, અમેરિકાના બે કાર્ગો શીપ અને અનેક વિમાનો ઈઝરાયલ પહોંચ્યા છે. તેમાં હવાઈ અને જમીની હુમલામાં ઉપયોગ થતો ૬૫૦૦ ટન દારુગોળો, સૈન્ય ટ્રક, જોઈન્ટ લાઈટ ટેક્ટિકલ વ્હીકલ્સ અને અન્ય સૈન્ય સાધનો સામેલ હતા. ઉલ્લેખનીય છે કે, યુદ્ધ શરૂ થયા બાદ અમેરિકાએ ઈઝરાયલને લગભગ ૧,૧૫,૬૦૦ ટન સૈન્ય સામગ્રી મોકલી દીધી છે. મંત્રાલયના જણાવ્યા મુજબ, ઈરાન વિરુદ્ધ ઓપરેશન રોરિંગ લાયન શરૂ કર્યા બાદ અમેરિકાએ ૪૦૩ વિમાનો દ્વારા અને ૧૦ દરિયાઈ જહાજો દ્વારા ૧,૧૫,૬૦૦ સૈન્ય સાધનો ઈઝરાયલને મોકલાવ્યા છે.

એક્સિઓસના રિપોર્ટ મુજબ, અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે ઈરાન પર હુમલો કરવા માટે નવી યોજના બનાવી છે. સૂત્રો મુજબ, અમેરિકા ઈરાન પર નાનો પણ જોરદાર હુમલો કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરવાની યોજના વિચારી રહ્યું છે. તેઓને આશા છે કે, આમ કરીને ઈરાન પર દબાણ વધશે અને તે વાતચીત કરવા માટે માની જશે. અમેરિકન સેનાને આશા છે કે, બોંબનો વરસાદ થશે તો ઈરાન પરમાણુ મુદ્દે અમારી શરતો પર વાતચીત કરવા ઢીલું પડી જશે.

*ઘણી મૂલ્યવાન કળાકૃતિઓ પરત કરવાની કામગીરી બાકી*

# USએ રૂ.૧૧૭ કરોડની ૬૫૭ પ્રાચીન કળાકૃતિઓ ભારતને પરત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ન્યૂયોર્ક, તા.૦૧**

ભારતમાંથી ચોરી કરીને અમેરિકામાં વેચી દેવાયેલી અંદાજે ૧૪ મિલિયન ડોલર (આશરે ૧૧૭ કરોડ)ના મૂલ્યની ૬૫૭થી વધુ પ્રાચીન કળાકૃતિઓ અમેરિકાએ પરત કરી છે. મેનહટ્ટન જિલ્લાના એટર્ની અલ્વિન બ્રાગે આ અંગેની જાહેરાત કરી હતી. આ તમામ મૂલ્યવાન પ્રાચીન મૂર્તિઓ તથા કળાકૃતિઓ તસ્કરીના કેસોની તપાસ ઉપરાંત નામચીન ભારતીય આર્ટ ડીલર સુભાષ કપૂર તથા નેન્સી વિયેનર નામની તસ્કરીની આરોપી પાસેથી કબજે કરાઈ હતી. ભારતના ન્યૂયોર્ક સ્થિત રાજદૂત રાજલક્ષ્મી કદમની ઉપસ્થિતિમાં આ કૃતિઓ પરત સોંપાઈ હતી.

બ્રાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ૬૦૦થી વધુ પ્રાચીન મૂલ્યવાન મૂર્તિઓ અને કળાકૃતિઓ પરત કરવાની બાબત તસ્કરીનું પ્રમાણ ઘણું ચિંતાજનક હદે વધ્યું હોવાનું દર્શાવે છે.

જોકે હજી ભારતમાંથી ચોરીને અહીં લવાયેલી આવી ઘણી મૂલ્યવાન કળાકૃતિઓ પરત કરવાની કામગીરી બાકી છે. પરત કરાયેલી કળાકૃતિઓમાં અંદાજે બે મિલિયન ડોલર (આશરે ૧૯ કરોડ)ની કિંમતની કાંસામાંથી બનાવાયેલી કમળ પર બિરાજમાન 'અવલોકિતેશ્વરા'ની પ્રતિમા સહિતની અન્ય મૂલ્યવાન વસ્તુઓનો સમાવેશ થાય છે.

# એમેઝોનમાં પણ એઆઈની અસર : ૩૦૦૦૦ કર્મચારીની છટણી બાદ હવે ૧૧ હજારની ભરતી કરવા એમેઝોનનો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૧**

એમેઝોને છેલ્લા એક વર્ષમાં લગભગ ૩૦૦૦૦ નોકરીઓમાં ઘટાડો કર્યો હતો. હવે, કંપની આશરે ૧૧૦૦૦ નવા કર્મચારીઓની ભરતી કરવાની યોજના બનાવી રહી છે. આ બદલાવનું મુખ્ય કારણ એઆઈ છે. ઉલ્લેખનીય છે કે, કંપનીએ બે તબક્કામાં કર્મચારીઓ ઘટાડયા હતા. ૨૦૨૫ના અંતમાં લગભગ ૧૪૦૦૦ અને જાન્યુઆરી ૨૦૨૬ માં આશરે ૧૬૦૦૦ નોકરીઓ ઘટાડી હતી. જેને ટેક સેક્ટરની સૌથી મોટી છટણી માનવામાં આવે છે.

કંપનીએ જણાવ્યું કે, તેઓ આ વર્ષે એઆઈ સેક્ટર સાથે જોડાયેલા સોફ્ટવેર એન્જિનિયર્સ, ઈન્ટર્ન્સ અને ટેકનિકલ ક્ષેત્રના નિષ્ણાતોની ભરતી કરશે. એઆઈ નોકરીઓ ખતમ નથી કરતું, પરંતુ નોકરીઓનું સ્વરૂપ બદલી રહ્યું છે. હવે ટેકનોલોજી અને સોફ્ટવેર સાથે જોડાયેલા કામમાં વધુ તક ઊભી થઈ રહી છે.એક તરફ નોકરીઓમાં કપાત અને બીજી તરફ નવી ભરતી ઘણા લોકો માટે આશ્ચર્યજનક છે. પરંતુ નિષ્ણાતો માને છે કે આ એક ટ્રાન્ઝિશન છે, જ્યાં જૂની નોકરીઓ ઘટે છે અને નવી ટેક આધારિત નોકરીઓ ઊભી થાય છે. એમેઝોન ભરતી સિસ્ટમમાં પણ એઆઈનો ઉપયોગ કરી રહ્યું છે. આ સિવાય ઘણી રૂટીન કામગીરી માટે એઆઈનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.




*૨૮ એપ્રિલે U/A ૧૬+ સર્ટિફિકેટ આપવામાં આવ્યું*

## 'રાજા શિવાજી' હિન્દી અને મરાઠી બંને વર્ઝનમાં અલગ સમયગાળા સાથે રિલીઝ થશે




**હાલમાં પુણે ભારતનું સૌથી વધુ પ્રદર્શન કરતું સેન્ટર છે અને તે મુંબઈને પણ ટક્કર આપી રહ્યું છે, જે દુર્લભ ઘટના છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રાજા શિવાજી 1 મેના દિવસે રિલીઝ થાય છે અને આ ફિલ્મ પણ ધમાકેદાર શરૂઆત માટે તૈયાર લાગે છે, ખાસ કરીને તેનાં મરાઠી વર્ઝનમાં. રાજા શિવાજીએ 29 એપ્રિલની સવારે 8:00 વાગ્યા સુધીમાં 40,000થી વધુ ટિકિટ વેચી દીધી હતી. મરાઠી વર્ઝનને સ્થાનિક ફલેવર, સ્ટાર કાસ્ટ અને યોગ્ય રિલીઝ સમયને કારણે વધુ લોકપ્રિયતા મળી રહી છે. 1 મેના રોજ મહારાષ્ટ્ર ડે છે. તેથી ફિલ્મને રાજ્યમાં ત્રણ દિવસનો વીકએન્ડ મળશે.

મરાઠીમાં છત્રપતિ શિવાજી મહારાજ પર ઘણી ફિલ્મો બની છે, પરંતુ રાજા શિવાજી સૌથી ભવ્ય ફિલ્મ તરીકે જોવામાં આવી રહી છે. આથી દર્શકો ટિકિટ ખરીદવા માટે વધુ પ્રોત્સાહિત થયા છે. ટિકિટ બુકિંગ વેબસાઇટ્સ બતાવે છે કે, મહારાષ્ટ્રમાં અનેક શોઝ ઝડપથી ભરાઈ રહ્યા છે. મુંબઈમાં પણ સારો પ્રતિસાદ છે, પરંતુ આશ્ચર્યજનક રીતે પુણેમાં ફિલ્મને લઈને ભારે ઉત્સાહ છે. આ માંગને ધ્યાનમાં રાખીને પુણેના ઘણા થિયેટર્સમાં સવારે 7:00 વાગ્યાથી શો શરૂ કરવામાં આવ્યા છે. મુંબઈના કેટલાક સિનેમાઘરો પણ આ રીતે શો શરૂ કરી રહ્યા છે, પરંતુ તેઓ હજુ પુણે જેટલા આગળ નથી.

ટૂંકમાં, હાલમાં પુણે ભારતનું સૌથી વધુ પ્રદર્શન કરતું સેન્ટર છે અને તે મુંબઈને પણ ટક્કર આપી રહ્યું છે, જે દુર્લભ ઘટના છે, જ્યાં બે થિએટર ચેઈનમાં જ 30 એપ્રિલ સુધીમાં 20,000થી વધુ ટિકિટ વેચી શકે તેવી સંભાવના છે. નાશિક, લાતુર, સોલાપુર, કોલ્હાપુર, છત્રપતિ સંભાજીનગર જેવા શહેરોમાં પણ એડવાન્સ બૂકિંગ સારું છે. આવા ટિકિટ વેચાણને કારણે મજબૂત ઓપનિંગ દિવસની કમાણી નિશ્ચિત છે. જોકે, મોટાભાગનાં બૂકિંગ મરાઠી વર્ઝન માટે થયાં છે. હિન્દી વર્ઝનનું બૂકિંગ હજુ સમગ્ર દેશમાં સંપૂર્ણ રીતે શરૂ થયું નથી.

રાજા શિવાજીમાં રિતેશ દેશમુખ એ છત્રપતિ શિવાજી મહારાજનો રોલ કર્યો છે અને તેમની સાથે જેનિલિયા દેશમુખ, સંજય દત્ત, અભિષેક બચ્ચન, વિદ્યા બાલન, ફરદીન ખાન, ભાગ્યશ્રી, સચિન ખેડેકર, અમોલ ગુપ્તે, વગેરે છે.

અન્ય એક રસપ્રદ વાત એ છે કે, હિન્દી વર્ઝન મરાઠી વર્ઝન કરતાં ટૂંકું હશે. હિન્દી વર્ઝનને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા 28 એપ્રિલે U/A 16+ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. ફિલ્મનો સમયગાળો 187.05 મિનિટ છે, એટલે કે 3 કલાક 7 મિનિટ 5 સેકન્ડ. સીએબીએફસી દ્વારા કોઈ કટ્સ સૂચવવામાં આવ્યા નહોતા કારણ કે તમામ ફેરફારો પહેલેથી મરાઠી વર્ઝન માટે કરવામાં આવ્યા હતા. ફક્ત એક સૂચન હતું કે, પ્રકરણનાં નામ, તારીખો, ઘટનાઓ અને સ્થળો હિન્દીમાં દર્શાવવાના. જ્યારે મરાઠી વર્ઝનને 24 એપ્રિલે સર્ટિફિકેટ મળ્યું હતું. તેનો સમયગાળો 195.05 મિનિટ છે, એટલે કે 3 કલાક 15 મિનિટ 5 સેકન્ડ. એટલે હિન્દી વર્ઝન બરાબર 8 મિનિટ નાનું છે.

*ફીમેલ લીડ માટે ટોચની હિરોઈનની પસંદગી થશે*

## તુમ્બાડ ટુ માટે પ્રિયંકા, કેટરિના અથવા નયનતારાની વિચારણા




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સોહમ શાહની 'તુમ્બાડ ટુ'માં લીડ હિરોઈન તરીકે પ્રિયંકા ચોપરા, કેટરિના કૈફ અથવા તો નયનતારાને ઓફર કરવામાં આવે તેવી સંભાવના છે. જાણવા મળ્યા મુજબ પાર્ટ ટુમાં ફીમેલ લીડનું કેરેક્ટર પણ બહુ મહત્વનું છે અને સોહમ તે માટે કોઈ ટોચની હિરોઈનને સાઈન કરવા માગે છે. તેણે આ ત્રણ હિરોઈનોમાંથી કોઈ એકની પસંદગી કરવાનું વિચાર્યું છે. જોકે સમગ્ર વાતચીત હજુ પ્રાથમિક તબક્કે છે. પાર્ટ વન કરતાં અનેક ગણા બજેટમાં બની રહેલી 'તુમ્બાડ ટુ' ડિસેમ્બર ૨૦૨૭માં રીલિઝ કરવાની જાહેરાત થઈ ચૂકી છે. ૨૦૧૮માં રજૂ થયેલી મૂળ ફિલ્મનું દિગ્દર્શન અનિલ રાહી બર્વેએ કર્યું હતું જ્યારે પાર્ટ ટુનું દિગ્દર્શન આદેશ પ્રસાદ કરવાના છે.

*ફરાહ ખાને ઓમ શાંતિ ફિલ્મ ડાયરેક્ટ કરી હતી*

## શાહરૂખ ખાને ઓસ્કારનો આભાર માન્યો, કહ્યું- "દુનિયાનો બાદશાહ'

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ઓસ્કારે શાહરુખની ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'નો એક સીન સો. મીડિયા પર શેર કર્યો, અભિનેતાએ અકાદમીને થેન્ક્યુ કહ્યું.

શાહરુખ ખાનને ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં પસંદ કરવામાં આવે છે. તાજેતરમાં ઓસ્કારે શાહરુખની ફિલ્મ "ઓમ શાંતિ ઓમ'નો એક સીન સોસિયલ મીડિયા પર શેર કર્યો હતો. શાહરુખે તે બદલ ઓસ્કારનો આભાર માનતાં કહ્યું હતું કે, હવે લાગે છે કે તે પુરી દુનિયાના કિંગ છે. શાહરુખે તે વીડિયોનો ફોટો ઈનસ્ટાગ્રામ પર શેર કરતાં



લખ્યું કે, " થેક્યૂ અકાદમી, મારી આ યાદોને પુનઃ તાજી કરવા બદલ. હવે મને સાચે જ લાગી રહ્યું છે કે હું પુરી દુનિયાનો બાદશાહ છું.' ઓસ્કાર અકાદમીએ વીડિયો શેર કરતાં લખ્યું હતું કે, "કિસ્મતની એક વાત છે. તે મિસ નથી થતી. ફિલ્મ ઓમ શાંતિ ઓમ.' ઓસ્કારે તે સાથે જ ફિલ્મ ઓમ શાંતિ ઓમના એક દ્રષ્યનો વીડિયો શેર કર્યો હતો. શાહરુખને તે પાત્ર અદા કરવા બદલ શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો. તે દ્રષ્યમાં શાહરુખ બોલે છે કે કોઈ વસ્તુને તમે હૃદય પુર્વક પ્રેમ કરતા હોવ તો કુદરત પણ તે વસ્તુ તમને મળે તેના કામે લાગી જતી હોય છે.

ફરાહ ખાન પણ ખુશ છે. ફરાહ ખાને પ્રતિક્રિયા આપતાં ઈનસ્ટા સ્ટોરી પર લખ્યું કે, હું અકાદમી, શાહરુખ ખાન, મયૂર પુરીનો આભાર માનું છું. તેમણે આ પોસ્ટ મારા સુધી પહોંચતી કરી.' ફરાહ ખાને આ ફિલ્મ ડાયરેક્ટ કરી હતી.

*ઝોમ્બી થ્રિલરનું શૂટિંગ ઑગસ્ટ ૨૦૨૬માં શરૂ થવાની શક્યતા*

## રણવીર સિંહની 'પ્રલય' ફરી ટ્રેક પર, ઓગસ્ટમાં શૂટિંગ શરૂ થવાની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રણવીર સિંહની આગામી ફિલ્મ પ્રલય અંગે ચાલી રહેલી અટકળો વચ્ચે હવે નવા અહેવાલ આવી રહ્યા છે, જેનાથી સ્થિતિ સ્પષ્ટ થઈ રહી છે કે પ્રોજેક્ટ સંપૂર્ણ રીતે ટ્રેક પર છે. તાજેતરના અહેવાલ મુજબ, આ ઝોમ્બી થ્રિલરનું શૂટિંગ ઑગસ્ટ ૨૦૨૬માં શરૂ થવાની શક્યતા છે. આ ફિલ્મને લઈને થોડા સમય પહેલાં ક્રિએટિવ ડિફરન્સિસ અને વિલંબની ચર્ચાઓ હતી, પરંતુ પ્રોડક્શન સાથે જોડાયેલા સુત્રોએ આ બધું નકારી કાઢ્યું છે.




સુત્રના જણાવ્યા મુજબ, "પ્રલય અંગે અનિશ્ચિતતા દર્શાવતા અહેવાલો સંપૂર્ણપણે પાયાવિહોણા છે. રણવીર સિંહ અને જય મહેતા સતત ચર્ચાઓ કરતા રહ્યા છે અને સ્ક્રિપ્ટ ફાઈનલ થઈ ગઈ છે. ટીમ હાલ પ્રી-પ્રોડક્શનનાં તબક્કામાં પ્રવેશી ગઈ છે અને એક ભવ્ય સિનેમેટિક સ્પેક્ટેકલ તૈયાર કરવાની તૈયારી કરી રહી છે, ઑગસ્ટ ૨૦૨૬માં શૂટિંગ શરૂ કરવાનો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે." જો આ માહિતી સાચી હોય, તો ફિલ્મ હાલ મહત્વપૂર્ણ પ્રી-પ્રોડક્શન સ્ટેજમાં છે, જેમાં લોકેશન સ્કાઉટિંગ, કોન્સેપ્ટ ડિઝાઈન, એક્શન પ્લાનિંગ, વીએફએક્સની તૈયારી અને કાસ્ટિંગ જેવી પ્રક્રિયાઓ સામેલ છે.

આ ફિલ્મને એક મોટા સ્કેલની તબાહી પછીની દુનિયા દર્શાવતી એક્શન થ્રિલર તરીકે વર્ણવવામાં આવી રહી છે. ખાસ વાત એ છે કે ફિલ્મ ઝોમ્બી જોનરને બોલિવૂડમાં એક નવા અને મોટા સ્તરે રજૂ કરવાની કોશિશ કરશે, જેના પર હિન્દી સિનેમામાં હજુ સુધી ખાસ કામ થયું નથી. ડિરેક્ટર જય મહેતા, જેમણે વેબ સિરીઝમાં કામ કર્યું છે, તેઓ ગયા વર્ષથી આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. આ ફિલ્મનો સ્ક્રીનપ્લે જય મહેતા અને લૂટેરાના લેખક વિશાલ કપૂરે મળીને લખ્યો છે. ફિલ્મનું નિર્માણ હંસલ મહેતાની ટુ સ્ટોરી ફિલ્મ્સ અને રણવીર સિંહની મા કસમ ફિલ્મ્સ દ્વારા, અપ્લાઉઝ એન્ટરટેઈન્મેન્ટ દ્વારા સાથે મળીને તૈયાર કરવામાં આવશે. અહેવાલો મુજબ, આ ફિલ્મનું બજેટ લગભગ ૩૦૦ કરોડ હોઈ શકે છે, જે તેને હિન્દી સિનેમાની સૌથી મોંઘી ફિલ્મોમાં સ્થાન અપાવી શકે છે.

*ફિલ્મ નિર્માતા રામ ગોપાલ વર્મા તેમની શાનદાર ફિલ્મો માટે જાણીતા છે*

## અંડરવર્લ્ડ મનફાવે તેમ નહીં, સમજી વિચારીને કામ કરતું: રામગોપાલ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

૯૦ના દાયકામાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર અંધારી આલમનો મોટો પ્રભાવ હતો, એકને મારો, ૧૦ પાસેથી ખંડણી વસૂલો, તે હતું ગણિત. ફિલ્મ નિર્માતા રામ ગોપાલ વર્મા તેમની શાનદાર ફિલ્મો માટે જાણીતા છે. રામ ગોપાલ વર્મા તમના વ્યાવસાયિક જીવન ઉપરાંત નીડર અંદાજ માટે પણ જાણીતા છે. તે દરેક મુદ્દે ખુલ્લા મને વાત કરે છે. તાજેતરમાં તેમણે હિંદી સિનેમા જગતના ૯૦ના દાયકાને યાદ કર્યો. તે સમયે મુંબઈ અંધારી આલમનો હિંદી સિનેમા જગત પર ખુબ પ્રભાવ હતો. ધમકીઓ, વિદેશોથી ભંડોળ અને કાસ્ટિંગ મોરચે દબાણ લાવવા દાઉદ ઈબાહીમ જેવા લોકો સંકળાયેલા હતા.

રામ ગોપાલ વર્માએ એ બાબત પર પણ પ્રકાશ પાડ્યો કે રાકેશ રોશન અને ગુલશન કુમાર જેવા નામચીન લોકો આ ગેંગસ્ટરના નિશાન પર કેમ આવી? ક્રાઈમ રાઈટર હુસેન જેદીને મુલાકાત આપતાં રામ ગોપાલ વર્માએ કહ્યું હતું કે, "અંડર વર્લ્ડ મનમાન્યા કામ નહોતું કરતું, પરંતુ સમજી વિચારીને કામ કરતું હતું. ગેંગસ્ટર વગદાર લોકોને નિશાન બનાવીને ડરનો હથિયાર તરીકે ઉપયોગ કરતા હતા.

તેમણે સમજાવ્યું કે, અંડર વર્લ્ડ જ્યારે તાકાત બતાવવા માંગતુ હોય ત્યારે રાકેશ રોશન, સલમાન ખાન અને શાહરુખ ખાન જેવા લોકોને નિશાન પર લે છે. મોટા કલાકારોને દબાવી ધમકાવીને અંધારી આલમ તેમનું રાજ કાયમ કરવા માંગતા હતા. ઋતિક રોશન જેવા કલાકારો સુધી પહોંચવું સરળ નહોતું. તેથી ડર બતાવવો તે જ ઈલાજ હતો. તેઓ દાખલો બેસાડીને ખંડણી વસુલતા હતા.

# ધરમપુર શ્રીમદ્‌ રાજચંદ્ર મિશન દ્વારા વિદ્યાર્થીઓ માટે નોટબુક-બેગનું વિતરણ શરૂ





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા. ૦૧

શ્રીમદ્‌ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઈની માર્ગદર્શન હેઠળ શ્રીમદ્દ રાજચંદ્ર શૈક્ષણિક સાધન સહાય આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ઉપયોગી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા સાધનો નોટબુક્સ, સ્કૂલબેગ, કંપાસ બોક્સ અને રાઈટિંગ પેડ વગેરે જેવી વસ્તુનુ રાહત દરે વિતરણ કરવામાં આવે છે. જેનું વલસાડ શહેર તેમજ જિલ્લામાં ધરમપુર, કપરાડા, ઉમરગામ, પારડી, વાપી, સહિત વિવિધ જગ્યાએ તેનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

મહત્વનું છે એ છે કે, વલસાડના કોલેજ કેમ્પસ સંસ્કાર કેન્દ્રની સામે શ્રીમદ્દ રાજચંદ્ર શૈક્ષણિક સાધન સહાયના પ્રોજેક્ટ ઈન ચાર્જ શ્રી હિરેન શાહ અને શ્રીમદ્દ રાજચંદ્ર એજ્યુકેશનલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પારેખ દ્વારા વિતરણ કરાઈ રહ્યું છે.

# કેરલમમાં ૨૪ મે સુધીમાં ચોમાસાની એન્ટ્રી થઈ શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૦૧

ચોમાસાના આગમનને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ચોમાસાની એન્ટ્રી એક સપ્તાહ વહેલી થઈ શકે છે. હવામાન નિષ્ણાત અથેયા શેટ્ટીનું અનુમાન સામે આવ્યું છે. તેમના દ્વારા દેશમાં ચોમાસાનું વહેલું આગમન થવાના એંધાણ વ્યક્ત કરવામાં આવી રહ્યા છે. કેરલમમાં ૨૪ મે સુધીમાં ચોમાસાની એન્ટ્રી થઈ શકે છે. ૧૩ મે સુધીમાં ચોમાસું આંદમાન નિકોબાર પહોંચી શકે છે. જ્યારે અંદાજીત તારીખમાં ૨ દિવસથી વધ-ઘટ થઈ શકે છે.

બીજી બાજુ, ગરમીને લઇને પણ અનુમાન સામે આવ્યું છે. ઉંચા તાપમાન છતાં લૂ સહન નહીં કરવી પડે. પવનનું જોર વધવાથી ૭ મે સુધી લૂ નહીં પડે. કેટલીક જગ્યાએ ૪૨ ડિગ્રી તાપમાન સુધી પહોંચી શકે છે. ૩૦થી ૬૦ કિમીની ઝડપથી પવન ફૂંકાશે. દરિયાપટ્ટી, દક્ષિણ ગુજરાતમાં ૩૩થી ૩૫ ડિગ્રી તાપમાન રહેશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૩૯થી ૪૨ ડિગ્રી તાપમાન રહી શકે છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ૪૦થી ૪૨ ડિગ્રી તાપમાન રહી શકે છે. દરિયાપટ્ટી, દક્ષિણ ગુજરાતમાં સવારે વાદળછાયું વાતાવરણ રહેશે. ૩થી ૫ મે દરમિયાન મધ્ય સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારમાં કોઈક જગ્યાએ ગાજવીજ સાથે હળવું માવઠું થઇ શકે છે.

નોંધનીય છે કે, હવામાન વિભાગે મે મહિનાનું પૂર્વાનુમાન જાહેર કર્યું છે. મે મહિનામાં વધુ ગરમીના એંધાણ છે. મે મહિનામાં સામાન્ય કરતાં વધુ તાપમાન રહી શકે છે. મે મહિનાનામાં હીટવેવના દિવસો વધારે રહી શકે છે. સૌરાષ્ટ્રમાં હીટવેવની સ્થિતિ વધુ રહી શકે છે. સામાન્ય કરતાં ૩-૪ દિવસ વધુ હીટવેવ રહી શકે છે. મે મહિનામાં પ્રી મોનસૂન એક્ટિવિટી વધુ રહી શકે છે.

ચોમાસાના આગમનને લઈને હવામાન વિભાગનું પ્રાથમિક અનુમાન સામે આવ્યું છે. મે મહિનાના ત્રીજા સપ્તાહમાં ચોમાસા માટે અનુકૂળ સ્થિતિ રહી શકે છે. ૧૪થી ૨૦ મે દરમિયાન ચોમાસા માટે અનુકૂળ સ્થિતિ બની શકે છે. આંદમાન નિકોબાર આસપાસ અનુકૂળ સ્થિતિ બની શકે છે.

# ગુજરાતમાં આકરી ગરમીનો પ્રકોપ: અનેક શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રી પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૦૧

રાજ્યભરમાં આકરી ગરમીનો માહોલ યથાવત્‌ રહ્યો છે અને ગુજરાતીઓ ત્રાહિમામ પોકારી રહ્યા છે. આજે પણ મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦ થી ૪૩ ડિગ્રી વચ્ચે નોંધાયું છે. જેના કારણે લોકોના રોજિંદા જીવન પર ભારે અસર પડી રહી છે. ખાસ કરીને બપોરના સમયમાં રસ્તાઓ સૂમસામ જોવા મળે છે કારણ કે લોકો ગરમીથી બચવા માટે ઘરમાં જ રહેવાનું પસંદ કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી હીટવેવ જેવી પરિસ્થિતિનો ઈશારો આપવામાં આવી રહ્યો છે. જેના કારણે આગામી દિવસોમાં પણ રાહત મળવાની શક્યતા ઓછી લાગી રહી છે.

અમદાવાદ, રાજકોટ, મહેસાણા અને ગાંધીનગર જેવા શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જ્યારે સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૩ ડિગ્રી નોંધાયું છે. વડોદરા અને ભાવનગરમાં ૪૦ ડિગ્રી, ભુજ અને ઈડરમાં પણ ૪૦ ડિગ્રી આસપાસ તાપમાન રહેતા લોકો પરેશાન બન્યા છે. સુરત અને નવસારીમાં તાપમાન થોડું ઓછું હોવા છતાં ૩૫ થી ૩૬ ડિગ્રી વચ્ચે રહેતા ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. રાજકોટ શહેરમાં ફરી એકવાર તાપમાનનો પારો વધતા લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે.

આકરી ગરમીથી બચવા માટે લોકો ઠંડા પીણાંનો સહારો લઈ રહ્યા છે. કોલ્ડ્રિંક્સ, લસ્સી, છાસ અને શેરડીનો રસ જેવી વસ્તુઓની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. રસ્તા પર શેરડીના રસના ઠેલા અને ઠંડા પીણાંની દુકાનો પર લોકોની ભીડ જોવા મળી રહી છે. ઘણા લોકો દિવસ દરમિયાન વધુ પાણી પીવા, હલકાં કપડાં પહેરવા અને સૂર્યપ્રકાશથી દૂર રહેવા જેવી તકેદારીઓ અપનાવી રહ્યા છે. ડૉક્ટરો પણ લોકોને ગરમીથી બચવા માટે ખાસ ધ્યાન રાખવાની સલાહ આપી રહ્યા છે.

### જગદીશ વિશ્વકર્માના વિવાદિત નિવેદન પર કોંગ્રેસ આક્રમક

# અમિત ચાવડાએ કહ્યું ગુજરાતની દરેક દીકરીની અસ્મિતા પર પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૦૧

ગેનીબેન ઠાકોર પર ભાજપ પ્રદેશ પ્રમુખનું વિવાદિત નિવેદન સામે આવ્યું છે. પાલનપુરમાં કાર્યકર્તાઓને સંબોધતા જગદીશ વિશ્વકર્મા ભાન ભૂલ્યા હતા. ગેનીબેન ઠાકોરને લઈ જગદીશ વિશ્વકર્માએ વિવાદિત નિવેદન આપ્યું કે,"તમારા સાડીના પાલવમાંથી બહેનોએ સીટો છીનવી લીધી" ત્યારબાદ કોંગ્રેસના નેતાઓએ ભાજપ પ્રદેશ પ્રમુખ પર નિશાન સાધ્યું હતુ. જગદીશ વિશ્વકર્માએ ગેનીબેન પર કરેલ ટિપ્પણીને લઈને અમિત ચાવડાએ સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરી છે. રાજનીતિમાં શબ્દોની ગરિમા અને સંસ્કારોનું જ્યારે પતન થાય છે, ત્યારે સત્તાનો અહંકાર જન્મે છે. આ અહંકાર હંમેશા બહેન-દીકરીઓની અસ્મિતાને ઠેસ પહોંચાડે છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું તાજેતરનું નિવેદન કે "સાડીના પલ્લુમાંથી સીટો ખેંચી ગયા", એ માત્ર એક રાજકીય કટાક્ષ નથી પણ ગુજરાત ભાજપના નેતાઓની સ્ત્રીઓ પ્રત્યેની એ માનસિકતાનું જીવતું-જાગતું ઉદાહરણ છે.

ઈતિહાસ સાક્ષી છે કે જે શાસકો કે શાસન દીકરીની સાડીની રક્ષા નથી કરી શકતું એનું પતન નિશ્ચિત છે. આજે બનાસના લોકપ્રિય સાંસદ ગેની બેન ઠાકોર જેવા સક્ષમ લોકપ્રતિનિધિ માટે વપરાયેલા આ હીન શબ્દો એ માત્ર એક વ્યક્તિનું અપમાન નથી, પણ ગુજરાતની દરેક દીકરીની અસ્મિતા પર પ્રહાર છે.


## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM
OLD NAME :
GANGODA ANJALIBEN INDRUBHAI TO
**NEW NAME : ANJALI INDRU GANGODA**
Add: HOUSE NO. 476, KARBHARIPADA, KARCHOND - 396230, DADRA AND NAGAR HAVELI, DADRA NAGAR HAVELI & DAMAN & DIU

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન
જાહેર બાંધકામ વિભાગ – દીવ

ટેન્ડર આમંત્રિત કરવાની સુચના

દીવમાં એફસીઆઈ ગોડાઉન અને સાઇટ ડેવલપમેન્ટનું બાંધકામ.

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

| | |
|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : 08/2026-2027 (2026_DIUDT_4718_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | 04/05/2026 |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : 07/05/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : 07/05/2026 |
| બીડ ખોલવાની તારીખ | : 07/05/2026 |

કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.
No. IP/DMN/2/5/2026-27/65, Dated: 01/05/2026


# વાપી આર. કે. દેસાઈ સાયન્સ કોલેજના બે વિદ્યાર્થીઓ પ્લેસમેન્ટમાં સિલેક્ટ થયા




(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૧

વાપી સ્થિત આર.કે.દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત આર. કે. દેસાઈ સાયન્સ કૉલેજ હેઠળ ટી.વાય.બી.એસ.સી માઈક્રોબાયોલોજી વિષયમાં અભ્યાસ કરતા તેમજ કોલેજનું ગૌરવ કહી શકાય તેવા વિદ્યાર્થીઓ ગાંવિત મેહુલ અને પૂરબીયા દિપેશની વાઇટલ લેબોરેટરીસ પ્રાઈવેટ લિમિટેડમાં પ્લેસમેન્ટ દરમિયાન માઈક્રોબાયોલોજિસ્ટ તરીકે પસંદગી કરી જોબ એનાયત કરવામાં આવી છે. તેમની આ મહેનતથી વિદ્યાર્થીઓ આજ રીતે ઉતરોતર પ્રગતિ કરતા રહે અને કોલેજનું નામ રોશન કરે એવી શુભકામના.

આ ગૌરવશાળી સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડિરેક્ટર ડો.મિતલ શાહ, ઈનચાર્જ આચાર્ય પ્રા.સુરભી ચૌધરી,પ્લેસમેન્ટ સેલના સભ્ય ડો.પિંકલ પટેલ તથા તમામ કૉલેજ સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવી શુભકામના આપવામાં આવે છે.

# વાપી ભડકમોરાની ૧૮ વર્ષીય યુવતી ગુમ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૧

વાપીના ભડકમોરા ખાતે મુકેશભાઈની ચાલ, રૂમ નં.૮ ખાતે રહેતા રાજભર યાદવ (મૂળ રહેવાસી, બરેની, તા.થાના કચ્છવા બજાર, મીર્ઝાપુર, તા. જિ. મીર્ઝાપુર) ની ૧૮ વર્ષીય પુત્રી ખુશી તા.૦૬/૦૪/૨૦૨૬ ના રોજ સાંજે ૪ થી ૭ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી પોતાની નાની બહેનને એકલી મૂકી પોતે કયાંક ચાલી ગઈ છે. જેની શોધખોળ કરવા છતાં કોઈ પતો લાગ્યો નથી. જેથી તેણીના પિતા રાજભરે તેમની પુત્રી ગુમ થયાની વાપી જીઆઈડીસીના પોલીસ મથકે જાણ કરી હતી. ગુમ થનાર ખુશી શરીરે મધ્યમ બાંધાની, રંગે ઘંઉવર્ણી, ઊંચાઈ પાંચ ફૂટ જેટલી છે. તેણીએ શરીરે ગુલાબી કલરનું ટોપ તથા બ્લેક કલરની લેગીઝ તથા કાળા કલરનો દુપટ્ટો પહેરેલ છે. અને પગમાં સેન્ડલ પહેરેલ છે. તેણીએ હાલમાં માર્ચ-૨૦૨૬ માં લેવાયેલ ધોરણ ૧૨ ની પરીક્ષા આપી છે. તેણી હિન્દી અને અંગ્રેજી ભાષા જાણ છે. જો કોઈને ગુમ થનારની ભાળ મળે તો વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશનના અધિક હેડ કોન્સ્ટેબલ ભીખુભાઈ કાળુસિંહના મોબાઈલ નં.૯૫૧૨૭૪૯૨૬૧ પર સંપર્ક કરવા વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશનની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ચણોદની ૨૧ વર્ષીય અર્ચના સરોજ ગુમ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૧

વાપીના ચણોદ ખાતેના મોહનનગરના આકાશભાઈની બિલ્ડીંગના રૂમ નં.૨૩ ખાતે રહેતા અરવિંદકુમાર સરોજ (મૂળ રહેવાસી, ભભૌરી, થાના કોઈરૈના, પોસ્ટ ધનતુલસી, જિ. રવિદાસનગર, ઉત્તરપ્રદેશ) ની ૨૧ વર્ષીય પુત્રી અર્ચના તા.૨૧/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૦ વાગ્યાથી ૧૦.૩૦ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ છે. જેની શોધખોળ કરવા છતાં કોઈ પતો લાગ્યો નથી. જેથી તેણીના પિતા અરવિંદકુમારે તેમની પુત્રી ગુમ થયાની વાપી જીઆઈડીસીના પોલીસ મથકે જાણ કરી હતી. ગુમ થનાર અર્ચના શરીરે પાતળા બાંધાની, રંગે ઘંઉવર્ણી, ઊંચાઈ પાંચ ફૂટ જેટલી છે. તેણીએ શરીરે સ્કાય બ્લુ કલરની કુર્તી તથા કમરે લાલ કલરનું લેગીસ પહેરેલ છે. અને પગમાં કાળા કલરની સેન્ડલ પહેરેલ છે. તેણી હિન્દી ભાષા જાણે છે. જો કોઈને ગુમ થનારની ભાળ મળે તો વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશનના અધિક હેડ કોન્સ્ટેબલ બીપનીભાઈ લીલુભાઈના મોબાઈલ નં.૯૮૭૯૮ ૬૦૦૬૩ પર સંપર્ક કરવા વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશનની અખબારી યાદીમાં જણાવાયું છે.


TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૨/૦૫/૨૦૨૬ શનિવાર સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ | વાઘધારા | ૧૧ કેવી વાઘધારા ઈન્ડ.-૬ | પોલારિસ એપાર્ટમેન્ટ, ગોકુલધામ એપાર્ટમેન્ટ, એલઈ રોયલી, દાદરા ગાર્ડન, સર્વોત્તમ |
| | | ૧૧ કેવી સ્ટરલાઈટ ટેકનોલોજીસ એક્સપ્રેસ | સ્ટરલાઈટ |
| ૦૪/૦૫/૨૦૨૬ સોમવાર સવારના ૧૦:૩૦ થી સાંજના ૬:૦૦ | વેલુગામ | ૧૧ કેવી વેલુગામ સુરંગી ઈન્ડ. | સુરંગી દાદરીપાડા, સુરંગી પારસીપાડા, સુરંગી |

**અસુવિધા બદલ દિલગીર છીએ**

**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**



**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com


# ચીખલી પોલીસે ખુંધ ગામે ખુલ્લી જગ્યામાં છાપો મારી જુગાર રમતા ૭ ઈસમોને ઝડપી પાડ્યા


-તસવીરઃ દિપક સોલંકી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૦૧

ચીખલી પોલીસે ખૂંધ ખાડામાં છાપો મારી તીનપત્તિનો હારજીતનો જુગાર રમતા સાત જેટલા શકુનીઓને ઝડપી પાડી ૧૦,૪૫૦/- રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ચીખલી પોલીસના સર્વલન્સ સ્ટાફના હે.કો. શ્રી વિજય દેવાયતભાઈ, પો.કો. શ્રી અલ્પેશભાઈ સાતાભાઈ, શ્રી જયપાલસિંહ બળવંતસિંહ સહિતનાઓ બાતમીના આધારે તાલુકાના ખૂંધ ખાડામાં ખુલ્લી જગ્યામાં રેડ પાડતા તીનપતિનો હારજીતનો જુગાર રમતા સાત જેટલાને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા ઈસમોની અંગ ઝડતી તેમજ દાવ ઉપરના રૂા.૧૦,૪૫૦/- રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આસીફ કાલુ શેખ (ઉ.વ.૪૫), નવાઝ સતાર શેખ (ઉ.વ.૫૫), તૈયબ હમીદ શેખ (ઉ.વ.૩૨), લુકમાન ઈસ્માઈલ શેખ (ઉ.વ.૫૭), રમઝાન હાસમ શેખ (ઉ.વ.૫૮), મોહમદ ઈલ્યાસ તાજ મહમંદ ખાન (ઉ.વ.૫૮) (તમામ રહે.ખૂંધ ખાડામાં તા.ચીખલી જી.નવસારી) તથા સંજય ડાયાશંકર સહાની (ઉ.વ.૩૫) (રહે.નદી મહોલ્લો તા.ચીખલી જી.નવસારી) મળી સાત જેટલા જુગારીયાઓને ઝડપી પાડી બનાવ અંગેની ફરિયાદ પો.કો.શ્રી જયપાલસિંહ બળવંતસિંહ એ કરતા પોલીસે જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

# શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજનો ફરી એકવાર ડંકોઃ IIT JAMમાં રિશૂ અરૂણ સિંહનું ઉત્કૃષ્ટ પ્રદર્શન!



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૦૧

શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, સેલવાસ માટે અત્યંત ગર્વની વાત છે કે તૃતીય વર્ષ બી.એસ.સી. કેમેસ્ટ્રી (૨૦૨૩-૨૪)ની તેજસ્વી અને સમર્પિત વિદ્યાર્થીની રિશુ અરૂણ સિંહે પ્રતિષ્ઠિત IIT JAM 2026 (રસાયણશાસ્ત્ર) પરીક્ષામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે.

વિદ્યાર્થીની રિશુ અરૂણ સિંહે દેશભરના ૧૧,૦૨૧ ઉમેદવારોની કડક સ્પર્ધાનો સામનો કરીને, તેણીએ ૧૧૮૨માં ઓલ ઈન્ડિયા રેન્ક મેળવ્યો, માત્ર કટ-ઓફ પાસ કર્યો જ નહીં પરંતુ મેરિટ લિસ્ટમાં પણ સ્થાન મેળવ્યું છે.

આ સિદ્ધિ માત્ર પરીક્ષામાં તેણીની સફળતાનો પુરાવો નથી, પરંતુ તેણીની અતૂટ મહેનત, શિસ્ત, દ્દઢ નિશ્ચય અને રસાયણશાસ્ત્ર પ્રત્યેના ઊંડા જુસ્સાનો એક શક્તિશાળી પુરાવો છે. દેશની સૌથી સ્પર્ધાત્મક પરીક્ષા, IIT JAMમાં સફળતા, તેમના ઉજ્જવળ શૈક્ષણિક ભવિષ્ય માટે મજબૂત પાયો નાંખે છે, જે તેમને દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને ઉચ્ચ-સ્તરીય સંશોધનમાં ઉત્તમ તકો પૂરી પાડે છે.

શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ હંમેશા પ્રતિભાને પ્રોત્સાહન આપવા, જિજ્ઞાસાનું પોષણ પુરૂ પાડવા અને વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ રહી છે અને શ્રીમતી રિશુની સફળતા એ દૃષ્ટિકોણનો પ્રેરણાદાયક ઉદાહરણ છે.

લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ફતેહસિંહજી એમ. ચૌહાણે આ પ્રતિષ્ઠિત સિદ્ધિ મેળવવા બદલ આનંદ વ્યક્ત કરી રિશુને હૃદયપૂર્વક અભિનંદન આપ્યા અને તેમના ઉજ્જવળ અને સફળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

કોલેજના પ્રિન્સિપાલ અને તમામ ફેકલ્ટી સભ્યો, સંસ્થાની કારોબારી સમિતિના અન્ય સભ્યોએ પણ આ નોંધપાત્ર સિદ્ધિ પર આનંદ વ્યક્ત કર્યો હતો. તેણીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ તેઓ સતત સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.


TORRENT POWER | DNHDD


**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૮:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન / ફીડર | વિસ્તાર |
|---|---|---|
| ૦૫/૦૫/૨૦૨૬ મંગળવાર | આમલી (૬૬/૧૧ કેવી આમલી એસએસ સાથે જોડાયેલા બધા ગ્રાહકો) | **૬૬/૧૧ કેવી આમલી એસએસ વિસ્તારના બધા ગામો / વિસ્તારો** **એક્સપ્રેસ ફીડરોઃ** ૬૬/૧૧ કેવી આમલી એસએસના બધા એક્સપ્રેસ ફીડરો **૬૬ કેવી ગ્રાહકોઃ** ૬૬/૧૧ કેવી આમલી એસએસના બધા ૬૬ કેવી ગ્રાહકો |
| | ઝંડા ચોક (૬૬/૧૧ કેવી ઝંડા ચોક એસએસ સાથે જોડાયેલા બધા ગ્રાહકો) | **૬૬/૧૧ કેવી ઝંડા ચોક એસએસ વિસ્તારના બધા ગામો/ વિસ્તારો.** **એક્સપ્રેસ ફીડર્સઃ** ૬૬/૧૧ કેવી ઝંડાચોક એસએસના બધા એક્સપ્રેસ ફીડર્સ **૬૬ કેવી ગ્રાહકોઃ** ૬૬/૧૧ કેવી ઝંડાચોક એસએસના બધા ૬૬ કેવી ગ્રાહકો |
| | સિલ્લી (૬૬/૧૧ કેવી સિલ્લી એસએસ સાથે જોડાયેલા બધા ગ્રાહકો) | **૬૬/૧૧ કેવી સિલ્લી એસએસ વિસ્તારના બધા ગામો/ વિસ્તારો.** **એક્સપ્રેસ ફીડર્સઃ** ૬૬/૧૧ કેવી સિલ્લી એસએસના બધા એક્સપ્રેસ ફીડર્સ **૬૬ કેવી ગ્રાહકોઃ** ૬૬/૧૧ કેવી સિલ્લીએસએસના બધા ૬૬ કેવી ગ્રાહકો |
| | પિપરિયા (૬૬/૧૧ કેવી પિપરીયા એસએસ સાથે જોડાયેલા બધા ગ્રાહકો) | **૬૬/૧૧ કેવી પિપરિયા એસએસ વિસ્તારના બધા ગામો/વિસ્તારો.** **એક્સપ્રેસ ફીડર્સઃ** ૬૬/૧૧ કેવી પિપરીયા એસએસના બધા એક્સપ્રેસ ફીડર્સ **૬૬ કેવી ગ્રાહકોઃ** ૬૬/૧૧ કેવી પિપરીયા એસએસના બધા ૬૬ કેવી ગ્રાહકો |
| ૦૮/૦૫/૨૦૨૬ શુક્રવાર | દાદરા (૨૦ MVA PTR-૨) | અપના પ્લાસ્ટિક, ભગવતી તીર્થ કન્ટેનર, અકાર ગલી, સુરત ગલી ઓલ કંપની, લતા ઈન્ડ, મહાવીર ઈન્ડ, ડેમની કેનાલ રોડ, અંકુર I.E, સુરત ગલી, દોશી I.E, ભૂમિ યાર્ન વિસ્તાર, લતા ઈન્ડ વિસ્તાર, અષ્ટવિનાયક I.E, અંકુર I.E, જિંદાલ કંપની વિસ્તાર, ભગવતી તીર્થ પોલી ઈન્ડ., અકાર ગલી **૧૧ કેવી એક્સપ્રેસ ફીડર્સઃ** મધુસૂદન, સંદીપ ટેકસચરાઈઝર્સ, રેપિયર, અકાર, ઈગલ, રંગોળી **૬૬ કેવી ફીડરઃ** ફિલાટેકસ |
| | વાઘધારા (૬૬/૧૧ કેવી વાઘધારા એસએસ સાથે જોડાયેલા બધા ગ્રાહકો) | **૬૬/૧૧ કેવી વાઘધારા એસએસ વિસ્તારના બધા ગામો/વિસ્તારો.** **એક્સપ્રેસ ફીડર્સઃ** ૬૬/૧૧ કેવી વાઘધારા એસએસના બધા એક્સપ્રેસ ફીડર્સ |
| | દાદરા ૨૦ MVA PTR-૪ | ડેમની ગામ, વેલી પોલિમર રોડ કેનાલ પાસે, કોંગી ફળિયા, કેનાલ રોડ, સિદ્ધિ વિનાયક, ડેમની રોડ, ગુજરાત પોલિસોલ ન્યૂ, ફોટોન, જિંદાલ, દાદરા વિસ્તાર. **૬૬ કેવી ફીડરઃ** કંડોઈ, સીએમસી (કલિંગા સ્ટોન) |

**અસુવિધા બદલ દિલગીર છીએ**

**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**



**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com


વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપીમાં 'નમોત્સવ'ની જાજરમાન ઉજવણી: ડ્રોન અને લાઈટીંગ શો નઝરાણું બન્યા





## સાંઈરામ દવે સહિતના લોક કલાકારોની સાંસ્કૃતિક પ્રસ્તુતિએ દર્શકોને મંત્રમુગ્ધ કર્યા







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧**

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં થઈ રહેલા રાષ્ટ્ર નિર્માણના કાર્યો જન જન સુધી પહોંચાડવાના ઉમદા હેતુ સાથે રોફેલ ટ્રસ્ટ અને વાપી શહેર ભાજપના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ ગુરૂવારે રાત્રે રોફેલ કોલેજ ગ્રાઉન્ડમાં ભવ્ય નમોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

નમોત્સવમાં મુખ્ય આકર્ષણ સેંકડો ડ્રોન શો આકાશમાં નમો-વિકસિત ભારત સાથે વાપીની મનમોહક કૃતિ લાઈટીંગ ઈફેક્ટથી પ્રસ્તૂત કરાઈ હતી. કાર્યક્રમમાં ગુજરાતના લોકપ્રિય સાહિત્યકાર અને હાસ્ય કલાકાર સાંઈરામ દવે સાથે લોકકલાકારોની વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિએ દર્શકોને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. રંગારંગ કાર્યક્રમ, દેશભક્તિના ગીતો, વિવિધ નૃત્ય પ્રસ્તૂતિ તેમજ વિકાસ ગાથાનું પ્રદર્શન સાથે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી અપાઈ હતી. રાજ્યના કેબિનેટ નાણામંત્રી કનુભાઈ દેસાઈ, જિલ્લાના તમામ ધારાસભ્યો, ભાજપ સંગઠનના જિલ્લા અને સ્થાનિક હોદ્દેદારો, વાપીના ગણમાન્ય નાગરિકો, ઉદ્યોગપતિઓ સહિત વિશાળ સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા છે. વાપી માટે નમોત્સવ અનન્ય નઝરાણું તેમજ યાદગાર કાર્યક્રમ રહ્યો હતો. કલાકારોની વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિ, નૃત્યોએ દર્શકોને મંત્રમુગ્ધ બનાવ્યા હતા.

# વલસાડમાં ધોળા દિવસે વૃદ્ધાને બંધક બનાવી કરેલી લૂંટનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલતી વલસાડ એલસીબી




## સીસીટીવી અને ટેકનિકલ એનાલિસિસના આધારે પોલીસે ૪ આરોપીઓને રૂ. ૩.૬૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧**

વલસાડ શહેરના શાકભાજી માર્કેટ વિસ્તારમાં આવેલ વિશાલ કોમ્પલેક્ષના ફલેટ નં.૧૦૨ ખાતે તા.૨૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બપોરના સમયે એક ચોંકાવનારી લૂંટની ઘટના બની હતી. ત્રણ અજાણ્યા ઈસમોએ ઘરમાં ઘુસી વૃદ્ધ મહિલાને અને ઘરકામ કરતી નિતાબેન રાઠોડને ચાકુની અણીએ ધમકાવી બંધક બનાવી દીધા હતા. આરોપીઓએ મહિલાના મોઢા પર હાથ દબાવી સોનાના દાગીના, ચાંદીની મૂર્તિઓ, રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ અંદાજે રૂા. ૩.૮૬ લાખની લુંટ કરી હતી.

આ બનાવ સંદર્ભે વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ઘટનાની ગંભીરતા જોતા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચએ અલગ-અલગ ટીમો બનાવી તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ અને ટેક્નીકલ એનાલિસિસના આધારે પોલીસને મહત્વપૂર્ણ બાતમી મળી અને માત્ર ગણતરીના કલાકોમાં જ ચાર આરોપીઓને ઝડપવામાં સફળતા મળી. ઝડપાયેલા આરોપીઓમાં વિશાલ ઉર્ફે ડીજે (ઉ.વ.૩૪) રહે. હાલ મોગરાવાડી, વલસાડ મૂળ રહે. કારૂન્ડે, જી. સોલાપુર, મહારાષ્ટ્ર, સાંઈ આનંદ ચૌવાણ (ઉ.વ.૧૯) રહે. એકંબે, જી. સાતારા, મહારાષ્ટ્ર, આકાશ ઉર્ફે અક્ષય જાધવ (ઉ.વ.૧૯) રહે. ગુરસાટે, તા.ખટાવ, જી. સાતારા, મહરાષ્ટ્ર અને રંજીત ઉર્ફે તાત્યા માને (ઉ.વ.૩૧) રહે. બોડકે, તા. માન, જી. સાતારા મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.

પોલીસ તપાસમાં ખુલ્યું કે મુખ્ય આરોપી વિશાલ કાંબલે અગાઉ આ બિલ્ડિંગમાં કલર કામ કરી ચૂક્યો હતો અને તેને ખબર હતી કે ફલેટમાં એકલી વૃદ્ધ મહિલા રહે છે. તેણે પોતાના સાથીઓ સાથે મળીને રેકી કરી લૂંટનો પ્લાન બનાવ્યો હતો. ઘટનાના દિવસે અન્ય ત્રણ આરોપીઓએ લૂંટ અમલમાં મૂકી, ત્યારબાદ બધા સુરત થઈ ઈન્દોર ભાગી ગયા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂા.૩,૬૧,૨૫૦નો મુદ્દામાલ રીકવર કર્યો છે જેમાં રોકડ રકમ, મોબાઈલ ફોન, વિદેશી કરન્સી, ચાંદીના સિક્કા અને અન્ય સામાનનો સમાવેશ થાય છે, કબજે કર્યો છે. પકડાયેલા આરોપીઓમાંથી કેટલાક સામે અગાઉથી મહારાષ્ટ્રમાં ગુનાહિત ઈતિહાસ પણ નોંધાયેલો છે. આ સમગ્ર કામગીરી વલસાડ એલસીબી અને સીટી પોલીસ સ્ટાફના સંકલિત ટીમ વર્કથી પાર પાડવામાં આવી હતી, જેને પગલે પોલીસની કામગીરીની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

# વલસાડમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલો ચોર ગલ્લામાંથી રોકડા ૧૦ હજાર ચોરી કરી ફરાર થઈ ગયો

## વલસાડ બેચરરોડ બજરંગ ઓટોપાર્ટ્સમાં ધોળા દિવસે ઘટના ઘટી : સી.સી.ટી.વી.માં ઘટના કેદ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧**

વલસાડમાં ધોલા દિવસે લૂંટ ચોરીની ઘટનાઓ છેલ્લા સપ્તાહમાં ઘટી છે તેવી વધુ એક ઘટના આજે શુક્રવારે ખરા બપોરે વલસાડ બેચર રોડ સ્થિત એક ઓટોપાર્ટ દુકાનમાં ઘટી હતી. ધોળા દિવસે હાથ સફાઈની ઘટેલી ઘટનાને લઈ વેપારી આલમમાં ભય સાથે ચર્ચાનો વિષય બન્યો હતો.

વલસાડ બેચર રોડ ઉપર આવેલ બજરંગ ઓટોપાર્ટ નામની દુકાનમાં આજે બપોરના સુમારે ગ્રાહકના સ્વાંગમાં ચોર આવ્યો હતો. વેપારીને જુદા જુદા ઓટોપાર્ટસ માંગી વાતોમાં નાખ્યા હતા. વેપારી પાર્ટ્સ લેવા ઘોડામાં શોધતા હતા તે દમિયાન નજર ચૂકવીને ચોર ગલ્લામાં રહેલા રોકડા ૧૦ હજાર તફડાવીને અદશ્ય થઈ ગયો હતો. અચાનક ગ્રાહક ચાલી જતા વેપારીએ જોયુ તો ગલ્લામાં રહેલા રોકડા ચોરાઈ ગયા હતા. સી.સી.ટી.વી. ફૂટેજ તપાસતા ઘટના કેદ થયેલી જોવા મળી હતી. બે દિવસ પહેલા શાકભાજી માર્કેટમાં વૃધ્ધા અને કામવાળીને બંધક બનાવી લાખોના મત્તાની લૂંટ થઈ હતી. વેપારીએ ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરી હતી.

## સોલધરામ 'વિશ્વ કામદાર દિવસ'ની ઉજવણી કરાઈ

# 'કામદાર દિવસ' એટલે પરિશ્રમ, ત્યાગ અને સમર્પણને માન આપવાનો દિવસ: પ્રફુલભાઈ શુક્લ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી, તા.૦૧**

આજે ચીખલીના સોલધરા ખાતે તા. ૧લી મે 'વિશ્વ કામદાર દિવસ'ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પ્રસિદ્ધ કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચીખલીના શ્રીવલજીભાઈ સોલંકી, શ્રી પરિમલભાઈ ચૌહાણ, શ્રી પ્રતિકભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ સોમનાથ સહિતના અનેક આગેવાનો હાજર રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન કામદાર નેતા શ્રી આર.સી. પટેલે પવિત્ર 'વિશ્વ કામદાર દિવસ' નિમિત્તે પ્રેરણાદાયી પ્રવચન આપી કામદારોના હક્ક, મહેનત અને તેમના સમાજમાં મહત્ત્વ વિશે વિસ્તૃત સમજ આપી હતી. સાથે જ તેમણે કામદારોને એકતા જાળવવા અને પોતાના અધિકારો માટે હંમેશા જાગૃત રહેવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લએ કામદાર નેતા શ્રી આર. સી. પટેલની છેલ્લા ૩૦-૩૨ વર્ષથી ચાલી રહેલી કામદાર ક્ષેત્રની સેવા અને સંઘર્ષને બિરદાવ્યો હતો. તેમણે શ્રી આર. સી. પટેલની કાર્યશૈલીને વખાણી અને તેમની નિષ્ઠા, સમર્પણ અને કામદારો પ્રત્યેની લાગણીને પ્રશંસા કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, 'વિશ્વ કામદાર દિવસ' એ માત્ર એક ઉજવણીનો દિવસ નથી, પરંતુ કામદારોના પરિશ્રમ, ત્યાગ અને સમર્પણને માન આપવાનો દિવસ છે. સમાજના વિકાસમાં કામદાર વર્ગનું યોગદાન અદ્ભૂત અને અવિસ્મરણીય છે. આજે આપણે જે સુવિધાઓનો લાભ લઈએ છીએ, તે તમામ પાછળ કામદાર ભાઈઓની મહેનત અને પરિશ્રમ છે. કામદાર એ સમાજનો આધારસ્તંભ છે અને તેમનું સન્માન કરવું એ આપણી સૌની ફરજ છે. શ્રી આર. સી. પટેલ જેવા નેતાઓએ વર્ષોથી કામદારોના હક્ક માટે લડત આપી છે. તેમની નિષ્ઠા અને સેવા ભાવના દરેક માટે પ્રેરણારૂપ છે. છેલ્લા ત્રણ દાયકા કરતા વધુ સમયથી તેઓ કામદાર હિત માટે જે કાર્ય કરી રહ્યા છે, તે ખરેખર પ્રશંસનીય છે.

શ્રી પ્રફુલભાઈ શુક્એ જણાવ્યું હતું કે, મારા તમામ કામદાર ભાઈઓને હું એટલું જ કહું છું કે એકતા જાળવો, પોતાના હક્ક માટે જાગૃત રહો અને સમાજના વિકાસમાં આપનું યોગદાન યથાવત્ રાખો. કામદાર મજબૂત હશે તો દેશ મજબૂત બનશે. આજે 'વિશ્વ કામદાર દિવસ'ની ઉજવણી પ્રસંગે ધરમપુર વાડીલાલ કમ્પનીના કામદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# કિકરલાથી રૂ.૧.૮૭ લાખનો દારૂ ઝડપતી વલસાડ એલસીબી

## રૂ. ૬,૯૨,૯૨૦ના મુદ્દામાલ સહિત કાર ચાલકની ધરપકડ : દારૂ મંગાવનાર અને ભરી આપનાર બંને વોન્ટેડ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) પારડી, તા.૦૧**

વલસાડ એલસીબી કલસર કીકરલા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન તેમને એક રેનોલ્ટ સ્કાલા કાર નંબર જીજે-૦૬-એફસી-૭૯૦૨ નંબર દમણથી ઉદવાડા તરફ ગેરકાયદેસર દારૂ ભરી આવી રહી હોવાની બાતમી મળી હતી.

વલસાડ એલસીબીએ સડક ફળિયા ઉદવાડા ફ્રુડ નજીક નાકાબંધી કરી આવી રહેલ બાતમીવાળી કારને રોકી પોલીસે ચેકિંગ હાથ ધરતા તેઓને કારના પાછળના ભાગે તથા ડીપીમાં ચોર ખાનામાં બનાવી તેમાં રાખેલ ગેરકાયદેસર ૪૩૨ નંગ દારૂ કિંમત રૂપિયા ૧,૮૭,૯૨૦નો દારૂ મળી આવ્યો હતો.

કાર ચાલક શ્રી અરવિંદભાઈ પોપટભાઈ રાદડિયા રહે. વરાછા સુરતની વધુ પૂછપરછ દરમિયાન તેણે આ દારૂ કનુકાકા નામના શખ્સે દમણથી ભરી આપી આ દારૂ ભરેલ કાર ધર્મેશ ઉર્ફે ધમો કાળુભાઈ લહેરી રહે. વરાછા સુરતને પહોંચાડવાનું જણાવ્યું હતું.

વલસાડ એલસીબીએ ૧,૮૭,૯૨૦નો દારૂ, ૫ લાખની કાર અને ૫,૦૦૦નો મોબાઈલ મળી કુલ ૬,૯૨,૯૨૦નો મુદ્દામાલ કબજે કરી કાર ચાલક અરવિંદ પોપટ રાદડિયા રહે.વરાછા સુરત મૂળ અમરેલીની ધરપકડ કરી દારૂ ભરાવી આપનાર કનુ કાકા તથા મંગાવનાર ધર્મેશને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કાવ્યાનુભૂતિ

## એક ટકોર.....નેતાજીને

*જીતી તો ગયા છો નેતાજી આપ પણ ચેતજો*
*હવે ખરી કસોટી જરી આગળ-પાછળ દેખજો.*

*ખૂબ ગળે મળ્યા હતા ચૂંટણી પહેલાં પ્રજાજનોને*
*હવે વિક્રમ વિજય મેળવ્યા બાદ પણ ભેંટજો.*

*કર્યા છે બહુ લાંબાલચક ભાષણો ને મોટી મોટી વાતો*
*હવે કર લંબાવજો, તવ જીભલડીને અંદર ખેંચજો.*

*આમણે વૉટ આપ્યો ને આ ઘરનાએ નો'તો આપ્યો*
*એવા નકામા ભેદભાવ ને વાદ વિવાદને દૂર ફેંકજો.*

*ખાતમુહૂર્ત ચૌરે ને ચૌટે આપે ઘણા કર્યા આ વર્ષે*
*એક એક કામ પૂરા કરી લાંબી યાદીમાંથી છેકજો.*

*હવે સમય છે ખરું કામ કરી દેખાડવાનો, ખરું ને?*
*હાશ...કરી તમે નિરાંતે ના પલાંઠ વાળીને બેસજો.*

*બહુ આપશે કેન્દ્ર સરકાર પેલા વિકાસના નામ પર*
*તમો મન બુદ્ધિ સ્થિર રાખી વિકાસ કાજે સરખા વહેંચજો.*



પદ્માક્ષીબેન મનિષભાઈ પટેલ (પ્રાંજલ)
વ્યવસાય: પ્રાથમિક શિક્ષક, પારડી કન્યાશાળા નં-૧, કિલ્લા: પારડી જિ વલસાડ
અભ્યાસ : પી.ટી.સી., એમ.એ બી.એડ.

**આ** કવિતા ''એક ટકોર.....નેતાજીને'' માં કવિએ નેતાઓને સીધી, સ્પષ્ટ અને તીખી ટકોર કરી છે.

આ કાવ્યમાં કવિએ ચૂંટાઈ આવ્યા પછીના નેતાઓને ખૂબ જ સ્પષ્ટ અને જવાબદાર સંદેશ આપ્યો છે. ચૂંટણી જીતવી અંતિમ લક્ષ્ય નથી, પરંતુ ત્યારબાદ પ્રજાની અપેક્ષાઓ પૂર્ણ કરવી એ સાચી કસોટી છે. એ ભાવ સમગ્ર કાવ્યમાં વ્યક્ત થાય છે.

શરૂઆતની પંક્તિઓમાં કવિતા કહે છે કે જીત પછી નેતાઓએ સાવચેત રહેવું જોઈએ, કારણ કે હવે લોકો તેમની કામગીરીને નજીકથી નિહાળશે. ચૂંટણી પહેલાં જે રીતે તેઓ પ્રજાજનોને મળતા, ગળે મળતા અને વચનો આપતા હતા, તે જ આત્મિયતા જીત પછી પણ જાળવવી જોઈએ.

પછી કવિ નેતાઓના લાંબા ભાષણો અને મોટા મોટા વચનો તરફ ટકોર કરે છે. હવે માત્ર બોલવાનો સમય ગયો; હવે કાર્ય કરવાની જરૂર છે. ''જીભલડીને અંદર ખેંચજો'' દ્વારા કવિ સૂચવે છે કે ખાલી વાણી કરતાં કાર્ય વધુ મહત્વનું છે.

આગળ કવિ સમાજમાં ફેલાતા રાજકીય ભેદભાવ સામે અવાજ ઉઠાવે છે. કોણે મત આપ્યો અને કોણે નહીં. એ આધાર પર ભેદભાવ રાખવો યોગ્ય નથી. સત્તામાં આવ્યા પછી દરેક નાગરિક પ્રત્યે સમાન ભાવ રાખવો જોઈએ.

પછી કવિ વિકાસના નામે થતા ખાતમુહૂર્તો અને જાહેરાતો પર ટિપ્પણી કરે છે. માત્ર શિલાન્યાસ કે જાહેરાતો પૂરતી નથી; શરૂ કરેલા દરેક કામને પૂર્ણ કરવું વધુ મહત્વપૂર્ણ છે.

અંતિમ પંક્તિઓમાં કવિ કહે છે કે હવે આરામ કરવાનો સમય નથી. લોકોની આશાઓ પૂર્ણ કરવા માટે સતત કાર્ય કરવું જોઈએ. કેન્દ્ર સરકાર તરફથી મળતા વિકાસના સાધનો અને સહાયનો પણ સમાન અને યોગ્ય ઉપયોગ થવો જોઈએ જેથી વિકાસનો લાભ દરેક સુધી પહોંચી શકે.

સમગ્ર કાવ્ય લોકશાહી પ્રત્યેની જાગૃતિ, જવાબદારી અને સચ્ચા વિકાસની ભાવના વ્યક્ત કરે છે. તેમાં વ્યંગ પણ છે અને પ્રજાના હિત માટેની નિખાલસ ચિંતા પણ સ્પષ્ટ દેખાય છે.